॥ श्रीहरिः ॥

क्या गुरु बिना मुक्ति नहिं

VISIT…

LANZAROTE
Caliente.com

॥ શ્રીહરિઃ ॥

અનુક્રમણિકા



॥ ॐ શ્રીપરમાત્મને નમઃ ॥

ગુરુ કોણ હોય છે ?

કોઈ વિષયમાં આપણને જેનાથી જ્ઞાનરૂપી પ્રકાશ મળે, આપણો અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય, તે વિષયમાં તે આપણો ગુરુ છે. જેમ આપણે કોઈને રસ્તો પૂછીએ છીએ અને તે આપણને રસ્તો બતાવે છે તો રસ્તો બતાવવાવાળો આપણો ગુરુ થઈ ગયો, આપણે ચાહે ગુરુ માનીએ યા ન માનીએ. તેની સાથે સંબંધ જોડવાની જરૂર નથી. લગ્નના સમયે બ્રાહ્મણ કન્યાનો સંબંધ વરની સાથે કરાવી દે છે, તો તેમનો જીવનભરને માટે પતિ-પત્નીનો સંબંધ જોડાઈ જાય છે. તે જ સ્ત્રી પતિવ્રતા થઈ જાય છે. પછી તેમને કદી તે બ્રાહ્મણની યાદ જ નથી આવતી; અને તેને યાદ કરવાનું વિધાન પણ શાસ્ત્રોમાં ક્યાંય નથી આવતું. એવી જ રીતે ગુરુ આપણો સંબંધ ભગવાનની સાથે જોડી દે છે, તો ગુરુનું કામ થઈ ગયું. આશય એ છે કે ગુરુનું કામ મનુષ્યને ભગવાનની સન્મુખ કરવાનું છે. મનુષ્યને પોતાની સન્મુખ કરવા, પોતાની સાથે સંબંધ જોડવો ગુરુનું કામ નથી. એવી રીતે આપણું કામ પણ ભગવાનની સાથે સંબંધ જોડવાનું છે, ગુરુની સાથે નહિ. જેમ સંસારમાં કોઈ મા છે, કોઈ બાપ છે, કોઈ ભત્રીજો છે, કોઈ ભોજાઈ છે, કોઈ સ્ત્રી છે, કોઈ પુત્ર છે, એવી જ રીતે જો એક ગુરુની સાથે સંબંધ જોડાઈ ગયો તો એનાથી શું લાભ ? પહેલાં અનેક બંધન હતાં જ, હવે બીજું એક બંધન થઈ ગયું ! ભગવાનની સાથે તો આપણો સંબંધ સદાથી અને સ્વતઃ-સ્વાભાવિક છે; કેમ કે આપણે ભગવાનના સનાતન અંશ છીએ—**'મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ'** (ગીતા ૧૫ । ૭), **'ઈસ્વર અંસ જીવ અબિનાસી'** (માનસ,

ઉત્તર૦ ૧૧૭ । ૧). ગુરુ તે ભુલાયેલા સંબંધની યાદ કરાવે છે, કોઈ નવો સંબંધ નથી જોડતા.

હું ઘણું કરીને એ પૂછ્યા કરું છું કે પહેલાં દીકરો થાય છે કે બાપ ? આનો જવાબ ઘણું કરીને એ જ મળે છે કે બાપ પહેલાં થાય છે. પરંતુ વાસ્તવમાં જોવામાં આવે તો પહેલાં દીકરો થાય છે, પછી બાપ થાય છે. કારણ કે દીકરો પેદા થયા વિના તેનું નામ બાપ થશે જ નહિ. પહેલાં તે મનુષ્ય (પતિ) છે અને જ્યારે દીકરો જન્મે છે, ત્યારે તેનું નામ બાપ થાય છે. એવી રીતે શિષ્યને જ્યારે તત્ત્વજ્ઞાન થઈ જાય છે, ત્યારે તેના માર્ગદર્શકનું નામ 'ગુરુ' થાય છે. શિષ્યને જ્ઞાન થયા પહેલા તે ગુરુ થતો જ નથી. એટલા માટે કહ્યું છે—

ગુકારશ્ચાન્ધકારો હિ રુકારસ્તેજ ઉચ્યતે ।
અજ્ઞાનગ્રાસકં બ્રહ્મ ગુરુરેવ ન સંશયઃ ॥

(ગુરુગીતા)

એટલે કે 'ગુ' નામ અંધકારનું છે અને 'રુ' નામ પ્રકાશનું છે, એટલા માટે જે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી દે, તેનું નામ 'ગુરુ' છે.

ગુરુના વિષયમાં એક દુહો ઘણો પ્રસિદ્ધ છે—

ગુરુ ગોવિન્દ દોઉ ખડે, કિનકે લાગૂઁ પાય ।
બલિહારી ગુરુદેવ કી, ગોવિન્દ દિયો બતાય ॥

ગોવિંદને બતાવી દીધા, સામે લાવીને ઊભા કરી દીધા, ત્યારે ગુરુની બલિહારી થાય છે. ગોવિંદને તો બતાવ્યા નહિ અને ગુરુ બની ગયા—એ નરી ઠગાઈ છે ! માત્ર ગુરુ બની જવાથી ગુરુપણું સિદ્ધ નથી થતું. એટલા માટે એકલા ઊભેલા ગુરુનો મહિમા નથી. મહિમા તે ગુરુનો છે, જેની સાથે ગોવિંદ પણ ઊભા છે— 'ગુરુ ગોવિંદ દોઉ ખડે' એટલે કે જેણે ભગવાનની પ્રાપ્તિ કરાવી દીધી છે.

અસલી ગુરુ તે હોય છે, જેના મનમાં ચેલાના કલ્યાણની ઇચ્છા હોય અને ચેલો તે હોય છે, જેનામાં ગુરુની ભક્તિ હોય—


કો વા ગુરુર્યો હિ હિતોપદેષ્ટા
શિષ્યસ્તુ કો યો ગુરુભક્ત એવ ।

(પ્રશ્નોત્તરી ૭)

જો ગુરુ પહોંચેલો હોય અને શિષ્ય સાચા દિલથી આજ્ઞાપાલન કરવાવાળો હોય તો શિષ્યનો ઉદ્ધાર થવામાં શંકા નથી.

પારસ કેરા ગુણ કિસા, પલટા નહીં લોહા ।
કૈ તો નિજ પારસ નહીં, કૈ બિચ રહા બિછોહા ॥

જો પારસના સ્પર્શથી લોઢું સોનું નહિ બન્યું તો તે પારસ અસલી પારસ નથી અથવા લોઢું અસલી લોઢું નથી અથવા વચ્ચે કોઈ આડ છે. એવી રીતે જો શિષ્યને તત્ત્વજ્ઞાન નહિ થયું તો ગુરુ તત્ત્વને પામેલા નથી અથવા શિષ્ય આજ્ઞાપાલન કરવાવાળો નથી અથવા વચ્ચે કોઈ આડ (કપટભાવ) છે.



વાસ્તવિક ગુરુ

વાસ્તવિક ગુરુ તે હોય છે, જેને માત્ર ચેલાના કલ્યાણની ચિંતા થાય છે. જેના હૃદયમાં આપણા કલ્યાણની ચિંતા જ નથી, તે આપણો ગુરુ કેવી રીતે થયો ? જે દિલથી આપણું કલ્યાણ ચાહે છે, તે જ આપણો ખરેખર ગુરુ છે, ભલે આપણે તેને ગુરુ માનીએ કે ન માનીએ અને તે ગુરુ બને કે ન બને. તેનામાં એ ઇચ્છા નથી હોતી કે હું ગુરુ બની જાઉં, બીજાઓ મને ગુરુ માની લે, મારા ચેલા બની જાય. જેના મનમાં ધનની ઇચ્છા હોય છે, તે ધનદાસ હોય છે. એવી જ રીતે

જેના મનમાં ચેલાની ઇચ્છા થાય છે, તે ચેલાદાસ હોય છે. જેના મનમાં ગુરુ બનવાની ઇચ્છા છે, તે બીજાનું કલ્યાણ નથી કરી શકતો. જે ચેલાથી રૂપિયા ચાહે છે, તે ગુરુ નથી હોતો, બલકે પૌત્ર-ચેલો હોય છે. કારણ કે ચેલાની પાસે રૂપિયા છે તો તેનો ચેલો થયો રૂપિયો અને રૂપિયાનો ચેલો થયો ગુરુ. તો તે ગુરુ ખરેખર તો પૌત્ર-ચેલો જ થયો ! વિચાર કરો, જે તમારી પાસેથી કાંઈ પણ ચાહે છે, તે શું તમારો ગુરુ થઈ શકે છે ? નથી થઈ શકતો. જે તમારી પાસેથી થોડું પણ ધન ઇચ્છે છે, માન-મોટાઈ ઇચ્છે છે, આદર ઇચ્છે છે, તે તમારો ચેલો થાય છે, ગુરુ નથી થતો. સાચા મહાત્માને દુનિયાની ગરજ નથી હોતી, બલકે દુનિયાને જ તેની ગરજ હોય છે. જેને કોઈની પણ ગરજ નથી હોતી, તે જ ખરેખર ગુરુ હોય છે.

કબીર જોગી જગત ગુરુ, તજૈ જગત કી આસ ।
જો જગ કી આસા કરૈ તો જગત ગુરુ વહ દાસ ॥

જે સાચા સંત-મહાત્મા હોય છે, તેમને ગુરુ બનવાનો શોખ નથી હોતો, પરંતુ દુનિયાના ઉદ્ધારનો શોખ હોય છે. તેમનામાં દુનિયાના ઉદ્ધારની સ્વાભાવિક સાચી લગની હોય છે. હું પણ સારા સંત-મહાત્માઓની શોધમાં રહ્યો છું અને મને સારા સંત-મહાત્મા મળ્યા પણ છે. પરંતુ તેમણે એવું કદી નથી કહ્યું કે તું ચેલો બની જા તો કલ્યાણ થઈ જશે. જેને ગુરુ બનવાનો શોખ છે, તે જ એવો પ્રચાર કરે છે કે ગુરુ બનાવવા ઘણા જરૂરી છે, ગુરુ વિના મુક્તિ નથી થતી વગેરે વગેરે.

કોઈ હયાત મનુષ્ય જ ગુરુ હોવો જોઈએ—એવું કોઈ પણ વિધાન નથી. શ્રીશુકદેવજી મહારાજ હજારો વર્ષ અગાઉ થયા હતા, પણ તેમણે ચરણદાસજી મહારાજને દીક્ષા આપી ! સાચા શિષ્યને ગુરુ

આપમેળે દીક્ષા આપે છે. કારણ કે ચેલો સાચો હોય છે તો તેના માટે ગુરુને શોધવાની જરૂરિયાત નથી હોતી, પરંતુ ગુરુ આપમેળે મળે છે. સાચી લગનીવાળાને સાચા મહાત્મા મળી જાય છે—

જેહિ કેં જેહિ પર સત્ય સનેહૂ । સો તેહિ મિલઇ ન કછુ સંદેહૂ ॥

(માનસ, બાલ૦ ૨૫૯ । ૩)

લોકો તો ગુરુને શોધે છે, પણ જે અસલી ગુરુ હોય છે, તેઓ શિષ્યને શોધે છે. તેમની ભીતર વિશેષ દયા હોય છે. જેમ કે સંસારમાં માનો દરજ્જો સૌથી ઊંચો છે, મા સૌથી પહેલો ગુરુ છે. બાળક માથી જ જન્મે છે, માનું જ દૂધ પીએ છે, માના જ ખોળામાં રમે છે, માથી જ પોષાય છે. મા વિના બાળક પેદા જ નથી થઈ શકતું, રહી જ નથી શકતું, પોષાઈ પણ નથી શકતું. મા તો વર્ષો સુધી બાળકના વિના રહી છે. બાળકના વિના માને કોઈ તકલીફ નથી પડી. આટલું હોવા છતાં પણ માનો સ્વભાવ છે કે તે પોતે તો ભૂખી રહી જશે, પણ બાળકને ભૂખ્યું નહિ રહેવા દે, તે પોતે કષ્ટ વેઠીને પણ બાળકનું પાલન-પોષણ કરે છે. એવી જ રીતે સાચા ગુરુ હોય છે, તેઓ જેને શિષ્યરૂપે સ્વીકારી લે છે, તેમનો ઉદ્ધાર કરી દે છે. તેમનામાં શિષ્યનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય હોય છે. એવી બાબતો મારી જોયેલી છે.

એક સંત હતા. તેઓ બીજાઓને શિષ્ય ન માનીને મિત્ર જ માનતા હતા. તેમના એક મિત્રને કોઈ ભયંકર બીમારી થઈ ગઈ તો તે ગભરાઈ ગયો. દવાઓથી તેને ઠીક ન થયું. પેલા સંતે તેને કહ્યું કે, "તું તારી બીમારી મને દઈ દે." તેણે કહ્યું કે "મારી બીમારી તમને કેવી રીતે આપી દઉં?" સંતે પાછું કહ્યું કે "હવે હું કહું તો મનાઈ નહિ કરતો, આડ નહિ લગાવતો. તું અડધી બીમારી મને દઈ દે." તેમના મિત્રે સ્વીકાર કરી લીધો, તો પેલા સંતે તેની અડધી બીમારી પોતાના

પર લઈ લીધી. પછી દવા કર્યા વિના તેની બધી બીમારી મટી ગઈ. આવી રીતે જે સમર્થ હોય છે, તેઓ ગુરુ બની શકે છે. પરંતુ આટલા સમર્થ હોવા છતાં પણ તેમણે જીવનભર કોઈને ચેલો નથી બનાવ્યો.

ગુરુ બનાવ્યા પછી તેનો મહિમા બતાવે છે કે ગુરુ ગોવિંદથી મોટા છે. આનું પરિણામ એ આવે છે કે ચેલો ભગવાનના ભજનમાં ન લાગીને ગુરુના જ ભજનમાં લાગી જાય છે ! એ ઘણા અનર્થની, નરકોમાં લઈ જવાવાળી વાત છે ! આ સારા સંતની વાત છે. તેમને ચેલાઓએ ભગવાનથી ચડિયાતા માનવા શરૂ કરી દીધા, તો તેમણે ચેલા બનાવવાનું છોડી દીધું અને પછી જીવનભરમાં કદી ચેલા બનાવ્યા જ નહિ. કારણ કે ચેલાઓ ભગવાનને તો પકડતા નથી, ગુરુને જ પકડી લે છે ! ગુરુની વાત સાંભળીને મનુષ્ય ભગવાનમાં લાગી જાય તો ઠીક છે, પણ તે ગુરુમાં જ લાગી જાય તો ઘણી હાનિકારક બાબત છે ! ચેલાઓને પોતાનામાં લગાડવાવાળા કાલનેમિ અથવા કપટમુનિ હોય છે, ગુરુ નથી હોતા. ગુરુ તેઓ હોય છે, જે ચેલાઓને ભગવાનમાં લગાડે છે. ભગવાનના જેવું આપણું હિત ચાહવાવાળા ગુરુ, પિતા, માતા, બંધુ, સમર્થ વગેરે કોઈ નથી—

ઉમા રામ સમ હિત જગ માહીં । ગુરુ પિતુ માતુ બંધુ પ્રભુ નાહીં ॥

(માનસ, કિષ્કિંધા ૧૨ । ૧)

ભગવાનને બદલે પોતાની પૂજા કરાવવી પાખંડીઓનું કામ છે. જેની ભીતર શિષ્ય બનાવવાની ઇચ્છા છે, રૂપિયાઓની ઇચ્છા છે, મકાન (આશ્રમ વગેરે) બનાવવાની ઇચ્છા છે, માન-મોટાઈની ઇચ્છા છે, પોતાની પ્રસિદ્ધિની ઇચ્છા છે, તેના દ્વારા બીજાઓનું કલ્યાણ થવું તો દૂર રહ્યું, તેનું પોતાનું કલ્યાણ પણ નથી થઈ શકતું—

શિષ શાખા સુત વિતકો તરસે, પરમ તત્ત્વકો કૈસે પરસે ?

તેના દ્વારા લોકોની તે જ દુર્દશા થાય છે, જે કપટી મુનિના દ્વારા રાજા પ્રતાપભાનુની થઈ હતી (જુઓ—માનસ, બાલ૦ ૧૫૩—૧૭૫). કલ્યાણ તો તેના સંગથી થાય છે, જેની ભીતર સૌનું કલ્યાણ કરવાની ભાવના છે. બીજાના કલ્યાણ સિવાય જેની ભીતર કોઈ ઇચ્છા નથી. જે પોતે ઇચ્છારહિત હોય છે, તે જ બીજાઓને ઇચ્છારહિત કરી શકે છે. ઇચ્છાવાળા દ્વારા ઠગાઈ થાય છે, કલ્યાણ નથી થતું.

આ સિદ્ધાંત છે કે બીજાઓને કમજોર બનાવે છે, તે જાતે કમજોર હોય છે. જે બીજાઓને સમર્થ બનાવે છે, તે પોતે સમર્થ હોય છે. જે બીજાઓને ચેલા બનાવે છે, તે સમર્થ નથી હોતો. જે ગુરુ હોય છે, તે બીજાને પણ ગુરુ બનાવે છે. ભગવાન સૌથી મોટા છે, એટલા માટે તેઓ કદી કોઈને નાના નથી બનાવતા. જે ભગવાનનાં ચરણોને શરણે થઈ જાય છે, તે સંસારમાં મોટો થઈ જાય છે. ભગવાન સૌને પોતાના મિત્ર બનાવે છે, પોતાના સમાન બનાવે છે, કોઈને પોતાનો ચેલો નથી બનાવતા. જેમ નિષાદરાજ સિદ્ધ ભક્ત હતો, વિભીષણ સાધક હતો અને સુગ્રીવ ભોગી હતો, પણ ભગવાન રામે ત્રણેયને પોતાના મિત્ર બનાવ્યા. અર્જુન તો પોતાને ભગવાનનો શિષ્ય માને છે—'**શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્**' (ગીતા ૨ । ૭), પણ ભગવાન પોતાને ગુરુ ન માનીને મિત્ર જ માને છે—'**ભક્તોઽસિ મે સખા ચેતિ**' (ગીતા ૪ । ૩), '**ઇષ્ટોઽસિ**' (ગીતા ૧૮ । ૬૪). વેદોમાં પણ ભગવાને જીવને મિત્ર ગણાવ્યો છે—

દ્વા સુપર્ણા સયુજા સખાયા સમાનં વૃક્ષં પરિષસ્વજાતે ।*


(મુંડક૦ ૩ । ૧ । ૧, શ્વેતાશ્વતર૦ ૪ । ૬)

***સુપર્ણાવેતૌ સદૃશૌ સખાયૌ યદૃચ્છયૈતૌ કૃતનીડૌ ચ વૃક્ષે ।**

(શ્રીમદ્ભા૦ ૧૧ । ૧૧ । ૬)

'સદા સાથે રહેવાવાળા તથા પરસ્પર મિત્રભાવ રાખવાવાળા બે પક્ષી–જીવાત્મા અને પરમાત્મા એક જ વૃક્ષ–શરીરનો આશ્રય લઈને રહે છે.'

જે પોતે મહાન હોય છે, તે બીજાને પણ મહાન જ બનાવે છે. જે બીજાને નાનો બનાવે છે, તે પોતે નાનો હોય છે. જે ખરેખર મહાન હોય છે, તેને નાના બનવામાં નાનમ પણ નથી લાગતી. ક્ષત્રિયોના સમુદાયમાં અઢાર અક્ષૌહિણી સેનામાં ભગવાન ઘોડા હાંકવાવાળા બન્યા. અર્જુને કહ્યું કે, "બંને સેનાઓની વચ્ચે મારો રથ ઊભો કરો" તો ભગવાન શિષ્યની માફક અર્જુનની આજ્ઞાનું પાલન કરે છે. એવી જ રીતે પાંડવોએ યજ્ઞ કર્યો તો તેમાં સૌથી પહેલાં ભગવાન શ્રીકૃષ્ણનું પૂજન કરવામાં આવ્યું. પરંતુ તે યજ્ઞમાં બ્રાહ્મણોની એંઠી પતરાળીઓ ઉઠાવવાનું કામ પણ ભગવાને કર્યું. નાનું કામ કરવામાં ભગવાનને નાનમ નથી લાગતી. જે પોતે ક્ષુદ્ર હોય છે, તેને નાનમ લાગે છે અને ભય લાગે છે કે મને કોઈ ક્ષુદ્ર ન સમજી લે, કોઈ મારું અપમાન ન કરી દે.



ગુરુનો મહિમા

ખરેખર તો ગુરુના મહિમાનું પૂરું વર્ણન કોઈ કરી શકતું જ નથી. ગુરુનો મહિમા ભગવાનથી પણ અધિક છે. એટલા માટે શાસ્ત્રોમાં ગુરુનો ઘણો મહિમા ગવાયો છે. પરંતુ તે મહિમા સચ્ચાઈનો છે, દંભ-પાખંડનો નથી. આજકાલ દંભ-પાખંડ ખૂબ થઈ ગયો છે અને વધતો જઈ રહ્યો છે. કોણ સારો છે અને કોણ ખરાબ—એની જલદી ખબર પડતી નથી. જે બૂરાઈના રૂપમાં આવે છે, તેને દૂર

કરવી સહેલી છે. પરંતુ બૂરાઈ ભલાઈના રૂપમાં આવે છે, તેને દૂર કરવી ઘણું કઠણ છે. સીતાજીની સામે રાવણ, રાજા પ્રતાપભાનુની સામે કપટમુનિ અને હનુમાનજીની સામે કાલનેમિ આવ્યો, તો તેઓ તેમને ઓળખી શક્યા નહિ. તેમના ચક્કરમાં આવી ગયા; કેમ કે તેમનો વેશ સાધુઓનો હતો. આજકાલ પણ શિષ્યોની પોતાના ગુરુ પ્રત્યે જેવી શ્રદ્ધા જોવામાં આવે છે, તેવો ગુરુ જાતે હોતો નથી. એટલા માટે શેઠજી શ્રીજયદયાલજી ગોયંદકા કહેતા હતા કે "આજકાલમાં ગુરુઓમાં આપણી શ્રદ્ધા નથી થતી, બલકે તેમના ચેલાઓમાં શ્રદ્ધા થાય છે ! કારણ કે ચેલાઓમાં પોતાના ગુરુ પ્રત્યે જે શ્રદ્ધા છે, તે આદરણીય છે."

શાસ્ત્રોમાં આવેલો ગુરુ-મહિમા યોગ્ય હોવા છતાં પણ હાલમાં પ્રચારને યોગ્ય નથી. કારણ કે આજકાલ દંભી-પાખંડી લોકો ગુરુ-મહિમાના સહારે પોતાનો સ્વાર્થ સિદ્ધ કરે છે. આમાં કળિયુગ પણ સહાયક છે; કેમ કે કળિયુગ અધર્મનો મિત્ર છે— '**કલિનાધર્મમિત્રેણ**' (પદ્મપુરાણ, ઉત્તર૦ ૧૯૩ । ૩૧). ખરેખર તો ગુરુ-મહિમા પ્રચાર કરવાને માટે નથી, બલકે અપનાવવાને માટે છે. કોઈ ગુરુ જાતે જ ગુરુ-મહિમાની વાતો કહે છે, ગુરુ-મહિમાનાં પુસ્તકોનો પ્રચાર કરે છે, તો એનાથી સિદ્ધ થાય છે કે તેના મનમાં ગુરુ બનવાની ઇચ્છા છે. જેની અંદર ગુરુ બનવાની ઇચ્છા હોય છે, તેનાથી બીજાઓનું ભલું નથી થઈ શકતું. એટલા માટે હું ગુરુનો નિષેધ નથી કરતો, પરંતુ પાખંડનો વિરોધ કરું છું. ગુરુનો નિષેધ તો કોઈ કરી શકતું જ નથી.

ગુરુનો મહિમા વાસ્તવમાં શિષ્યની દૃષ્ટિથી છે, ગુરુની દૃષ્ટિથી નહિ. એક ગુરુની દૃષ્ટિ હોય છે, એક શિષ્યની દૃષ્ટિ હોય છે અને એક ત્રીજા માણસની દૃષ્ટિ હોય છે. ગુરુની દૃષ્ટિ એ હોય છે કે મેં

કાંઈ નથી કર્યું, બલકે જે આપોઆપ સ્વાભાવિક વાસ્તવિક તત્ત્વ છે, તેની તરફ શિષ્યની દૃષ્ટિ કરાવી દીધી. તાત્પર્ય એ થયું કે મેં તેના સ્વરૂપનો તેને બોધ કરાવ્યો છે, મારી પાસેથી તેને કાંઈ દીધું જ નથી. ચેલાની દૃષ્ટિ એ હોય છે કે ગુરુએ મને સર્વ કાંઈ દઈ દીધું. જે કાંઈ થયું છે, બધું ગુરુની કૃપાથી જ થયું છે. ત્રીજા વ્યક્તિની દૃષ્ટિ એ હોય છે કે શિષ્યની શ્રદ્ધાથી જ તેને તત્ત્વબોધ થયો છે.

અસલી મહિમા તો તે ગુરુનો છે, જેણે ગોવિંદની સાથે મેળાપ કરાવી દીધો છે. જે ગોવિંદથી તો મિલન કરાવતો નથી, ખાલી વાતો જ કરે છે, તે ગુરુ નથી હોતો. એવા ગુરુનો મહિમા નકલી અને ફક્ત બીજાઓને ઠગવાને માટે હોય છે !



ગુરુની કૃપા

ગુરુ-કૃપા અથવા સંત-કૃપાનું ઘણું વિશેષ માહાત્મ્ય છે. ભગવાનની કૃપાથી જીવને માનવ-શરીર મળે છે અને ગુરુ-કૃપાથી ભગવાન મળે છે. લોકો સમજે છે કે આપણે ગુરુ બનાવીશું, ત્યારે તેઓ કૃપા કરશે. પરંતુ આ કોઈ મહત્ત્વની વાત નથી. પોતપોતાનાં બાળકોનું બધાં પાલન કરો છો. કૂતરી પણ પોતાનાં બચ્ચાંઓનું પાલન કરે છે. પરંતુ સંત-કૃપા ઘણી વિલક્ષણ છે ! બીજો શિષ્ય બને યા ન બને, તેમને પ્રેમ કરે યા વેર કરે—એને સંત નથી જોતા. દીન-દુ:ખીને જોઈને સંતનું હૃદય પીગળી જાય છે તો એનાથી તેનું કામ થઈ જાય છે.* જગાઈ-મધાઈ પ્રસિદ્ધ પાપી હતા અને સાધુઓ સાથે

* એક કૃપા હોય છે અને એક દયા હોય છે. દયામાં કોમળતા હોય છે, પણ કૃપામાં થોડું શાસન હોય છે. દયામાં શાસન નથી હોતું, માત્ર હૃદય પીગળી જાય છે. હૃદય પીગળવાથી જ શિષ્યનું કામ થઈ જાય છે.

વેર રાખતા હતા. પણ ચૈતન્ય મહાપ્રભુએ તેમના પર પણ દયા કરીને તેમનો ઉદ્ધાર કરી દીધો.

સંત બધા પર કૃપા કરે છે. પરમાત્મતત્ત્વનો જિજ્ઞાસુ જ તે કૃપાને ગ્રહણ કરે છે; જેમ તરસ્યો માણસ જ પાણીને ગ્રહણ કરે છે. વાસ્તવમાં પોતાના ઉદ્ધારની લગની જેટલી તીવ્ર હોય છે, સત્યતત્ત્વની જિજ્ઞાસા જેટલી વધારે હોય છે, તેટલી જ વધારે કૃપાને તે ગ્રહણ કરે છે. સાચા જિજ્ઞાસુ પર સંત-કૃપા અથવા ગુરુ-કૃપા આપમેળે થાય છે. ગુરુ-કૃપા થવાથી પછી કાંઈ બાકી નથી રહેતું. પરંતુ એવા ગુરુ ઘણા દુર્લભ હોય છે !

પારસથી લોઢું સોનું બની જાય છે, પરંતુ તે સોનામાં એ તાકાત નથી હોતી કે બીજા લોઢાને પણ સોનું બનાવી દે. પરંતુ અસલી ગુરુ મળી જાય તો તેની કૃપાથી ચેલો પણ ગુરુ બની જાય છે, મહાત્મા બની જાય છે—

પારસ મેં અરુ સંત મેં, બહુત અંતરૌ જાન ।
વહ લોહા કંચન કરે, વહ કરૈ આપુ સમાન ॥

આ ગુરુ કૃપાની જ વિલક્ષણતા છે ! આ ગુરુ-કૃપા ચાર રીતે થાય છે—સ્મરણથી, દૃષ્ટિથી, શબ્દથી અને સ્પર્શથી. જેમ કાચબી રેતીની અંદર ઈંડાં મૂકે છે પણ પોતે પાણીની અંદર રહીને તે ઈંડાંને યાદ કરતી રહે છે, તો તેના સ્મરણથી ઇંડું પાકી જાય છે, એવી જ રીતે ગુરુને યાદ કરવામાત્રથી શિષ્યને જ્ઞાન થઈ જાય છે—આ 'સ્મરણ દીક્ષા' છે. જેમ માછલી પાણીમાં પોતાના ઈંડાને થોડી થોડી વારે જોતી રહે છે તો જોવામાત્રથી ઈંડું પાકી જાય છે, એવી જ રીતે ગુરુની કૃપા-દૃષ્ટિથી શિષ્યને જ્ઞાન થઈ જાય છે—આ 'દૃષ્ટિ-દીક્ષા' છે. જેમ ટીટોડી પૃથ્વી પર ઈંડા મૂકે છે અને આકાશમાં શબ્દ કરતી રહે છે તો તેના શબ્દથી ઇંડું પાકી જાય છે, એવી જ રીતે ગુરુ પોતાના શબ્દોથી

શિષ્યને જ્ઞાન કરાવી દે છે—આ 'શબ્દ દીક્ષા' છે. જેમ ઢેલ પોતાના ઇંડા પર બેસી રહે છે તો તેના સ્પર્શથી ઈંડું પાકી જાય છે એવી રીતે ગુરુના હાથના સ્પર્શથી શિષ્યનર જ્ઞાન થઈ જાય છે—આ 'સ્પર્શ-દીક્ષા' છે.

ઈશ્વરની કૃપાથી માનવ-શરીર મળે છે, જેને પામીને જીવ સ્વર્ગ અથવા નરકમાં પણ જઈ શકે છે તથા મુક્ત પણ થઈ શકે છે. પરંતુ ગુરુ-કૃપા યા સંત-કૃપાથી મનુષ્યને સ્વર્ગ અથવા નરક નથી મળતા, માત્ર મુક્તિ જ મળે છે. ગુરુ બનાવવાથી જ ગુરુ-કૃપા થાય છે—એવું નથી. બનાવટી ગુરુથી કલ્યાણ નથી થતું. જે સારા સંત-મહાત્માઓ હોય છે, તેઓ ચેલા બનાવવાની જ કૃપા કરતા હોય છે—એવી વાત નથી. તેઓ આપમેળે અને સ્વાભાવિક કૃપા કરે છે. સૂર્યને કોઈ ઇષ્ટ માનશે, ત્યારે તે પ્રકાશ કરશે—એ વાત નથી. સૂર્ય તો આપમેળે અને સ્વાભાવિક પ્રકાશ કરે છે, તે પ્રકાશને ગમે તે કામમાં લઈ લે. એવી જ રીતે ગુરુની સંત-મહાત્માની કૃપા આપમેળે સ્વાભાવિક થાય છે. જે તેમની સન્મુખ થઈ જાય છે, તે લાભ લઈ લે છે. જે સન્મુખ નથી થતો તે લાભ નથી લેતો. જેમ વરસાદ વરસે છે તો તેની સામે વાસણ રાખવાથી તે પાણીથી ભરાઈ જાય છે. પરંતુ વાસણ ઊંધું રાખી દઈએ તો તે પાણીથી ભરાતું નથી અને સૂકું રહી જાય છે. સંત-કૃપાને ગ્રહણ કરવાવાળું પાત્ર જેવું હોય છે, તેવો જ તેને લાભ થાય છે.

સતગુરુ ભૂઠા ઇન્દ્ર સમ, કબ્બી ન રાખી કોય ।
વૈસા હી ફલ નીપજૈ, જૈસી ભૂમિકા હોય ॥

વરસાદ બધા પર સમાનરૂપે પડે છે, પણ બીજ જેવું હોય છે, તેવું જ ફળ પેદા થાય છે. એવી જ રીતે ભગવાનની અને સંત-મહાત્માઓની કૃપા બધા પર સમાનરૂપે રહે છે. જે જેવું ચાહે, લાભ ઉઠાવી શકે છે.



ગુરુના વચનનું મહત્ત્વ

ગુરુ બનાવવાથી કલ્યાણ નથી થતું, પરંતુ ગુરુની વાત માનવાથી કલ્યાણ થાય છે; કેમ કે ગુરુ શબ્દ હોય છે, શરીર નહિ—

જો તૂ ચેલા દેહ કો, દેહ ખેહ કી ખાન ।
જો તૂ ચેલા સબદ કો, સબદ બ્રહ્મ કર માન ॥

ગુરુ શરીર નથી હોતા અને શરીર ગુરુ નથી હોતું—'**ન મર્ત્યબુદ્ધ્યાસૂયેત**' (શ્રીમદ્ભા૦ ૧૧ । ૧૭ । ૨૭). એટલા માટે ગુરુ કદી મરતા નથી. જો ગુરુ મરી જાય તો ચેલાનું કલ્યાણ કેવી રીતે થશે ? શરીરને તો અધમ કહેવામાં આવે છે—

છિતિ જલ પાવક ગગન સમીરા । પંચ રચિત અતિ અધમ સરીરા ॥

(માનસ, કિષ્કિંધા૦ ૧૧ । ૨)

જો કોઈનું હાડ-માંસમય શરીર ગુરુ હોય છે, તો તે અધમ હોય છે, કાલનેમિ હોય છે. એટલા માટે ગુરુમાં શરીર-બુદ્ધિ કરવી અને શરીરમાં ગુરુ-બુદ્ધિ કરવી અપરાધ છે. સંત એકનાથજીના ચરિત્રમાં આ વાત ઘણી વિશેષતાથી મળે છે. શાસ્ત્રની પ્રક્રિયા મુજબ પહેલાં તીર્થયાત્રા કરવામાં આવે છે, પછી ઉપાસના કરવામાં આવે છે અને પછી જ્ઞાન થાય છે. પરંતુ એકનાથજીના જીવનમાં ઊંધો ક્રમ મળે છે. તેમને પહેલાં જ્ઞાન થયું, પછી તેમણે ઉપાસના કરી અને પછી ગુરુજીએ તીર્થયાત્રાની આજ્ઞા આપી. જ્યારે તેઓ તીર્થયાત્રામાં હતા, ત્યારે તેમના ગામ પૈઠણનો એક બ્રાહ્મણ તેમના ગુરુજીની પાસે દેવગઢ પહોંચ્યો અને બોલ્યો કે, "મહારાજ ! તમારે ત્યાં જે એકનાથ હતા, તેમના દાદા-દાદી ઘણાં ઘરડાં થઈ ગયાં છે અને એકનાથને યાદ

કરી-કરીને રડી રહ્યાં છે." ગુરુજીને આ સાંભળીને આશ્ચર્ય થયું કે એકનાથ મારી પાસે આટલાં વર્ષ રહ્યો. પણ તેણે પોતાનાં દાદા-દાદીના વિષયમાં કદી કહ્યું જ નહિ ! તેમણે એક પત્ર લખીને તે બ્રાહ્મણને આપ્યો અને કહ્યું, "તે તીર્થયાત્રા કરતો જ્યારે પૈઠણ આવશે, ત્યારે તેને મારો પત્ર આપી દેજો. મેં કહ્યું છે, એટલા માટે તે પૈઠણ જરૂર આવશે." બ્રાહ્મણ પત્ર લઈને ચાલ્યો ગયો. ફરતાં-ફરતાં જ્યારે એકનાથજી ત્યાં પહોંચ્યા તો તેઓ દાદા-દાદીને મળવા ગામમાં ગયા નહિ, પરંતુ ગામની બહાર જ રહી ગયા. પેલા બ્રાહ્મણે જ્યારે એકનાથજીને જોયા ત્યારે તેમને ઓળખી લીધા અને તેમના દાદાજીનો હાથ પકડીને તેમને એકનાથજીની પાસે લઈ ચાલ્યા. સંયોગથી એકનાથજી રસ્તામાં જ મળી ગયા. દાદાજીએ સ્નેહપૂર્વક એકનાથજીને ગળે લગાડ્યા અને ગુરુજીનો પત્ર કાઢીને કહ્યું કે, "આ તારા ગુરુજીનો પત્ર છે." આ સાંભળતાં જ એકનાથજી ગદ્ગદ થઈ ગયા. તેમણે કપડું પાથરીને તેના પર પત્ર મૂક્યો, તેની પરિક્રમા કરીને દંડવત્ પ્રણામ કર્યા, પછી તેને વાંચ્યો. તેમાં લખ્યું હતું કે, "એકનાથ તું ત્યાં જ રહેજે." એકનાથજી ત્યાં જ બેસી ગયા. પછી જીવનભર ત્યાંથી ક્યાંય ગયા નહિ. ત્યાં જ મકાન બની ગયું. સત્સંગ શરૂ થઈ ગયો. દાદા-દાદી તેમની પાસે આવીને રહ્યાં. પછી કદી ગુરુજીને મળવા પણ ન ગયા. વિચાર કરો, ગુરુ શરીર થયું કે વચન થયું ? જ્યારે ગુરુજીનું શરીર શાંત થઈ ગયું તો તેઓ બોલ્યા કે, "ગુરુ મરે અને ચેલો રડે તો બંનેનું શું જ્ઞાન મળ્યું ?" તાત્પર્ય છે કે ગુરુ મરતા નથી અને ચેલો રડતો નથી.

એકનાથજી ચરિત્રમાં જેવી ગુરુભક્તિ જોવામાં આવે છે, તેવી બીજા કોઈ સંતના ચરિત્રમાં જોવામાં નથી આવતી. શ્રીમદ્ભાગવતના

એકાદશ સ્કંધ પર તેમણે મરાઠીમાં જે ટીકા લખી છે, તેના પ્રત્યેક અધ્યાયની શરૂઆતમાં તેમણે વિસ્તારથી ગુરુની સ્તુતિ કરી છે. આવા પરમ ગુરુભક્ત એકનાથજીએ ગુરુથી ચઢિયાતા તેમના વચન(આજ્ઞા)ને મહત્ત્વ દીધું.

ભગવાનથી લાભ ઉઠાવવાની પાંચ બાબતો છે—નામજપ, ધ્યાન, સેવા, આજ્ઞાપાલન અને સંગ. પરંતુ સંત-મહાત્માઓથી લાભ ઉઠાવવામાં ત્રણ જ બાબતો મહત્ત્વની છે—સેવા, આજ્ઞાપાલન અને સંગ. એટલા માટે ગુરુનો નામ-જપ અને ધ્યાન ન કરીને તેમની આજ્ઞાનું, તેમના સિદ્ધાંતનું પાલન કરવું જોઈએ. ગુરુના સિદ્ધાંત મુજબ પોતાનું જીવન બનાવવું જ વાસ્તવિક ગુરુ-પૂજન અને ગુરુ-સેવા છે. કારણ કે સંત-મહાત્માઓને શરીર કરતાં પણ સિદ્ધાંત વહાલો હોય છે. સિદ્ધાંતની રક્ષાને માટે તેઓ પ્રાણ પણ આપી દે છે, પણ સિદ્ધાંત નથી છોડતા.

ગુરુ શરીર નથી હોતા, પરંતુ તત્ત્વ હોય છે. તેથી સાચા ગુરુ પોતાનું પૂજન-ધ્યાન નથી કરાવતા, પરંતુ ભગવાનનું જ પૂજન-ધ્યાન કરાવે છે. સાચા સંત પોતાની આજ્ઞાનું પાલન પણ નથી કરાવતા, પરંતુ એમ જ કહે છે કે ગીતા, રામાયણ વગેરે ગ્રંથોની આજ્ઞાનું પાલન કરો. જે ગુરુ પોતાનો ફોટો આપે છે, તેને ગળામાં ધારણ કરાવે છે, તેની પૂજા અને ધ્યાન કરાવે છે, તેઓ દગો દેવાવાળા હોય છે. ક્યાં ભગવાનનું ચિન્મય પવિત્ર શરીર અને ક્યાં હાડ-માંસનું જડ અપવિત્ર શરીર ! જ્યાં ભગવાનની પૂજા થવી જોઈએ, ત્યાં હાડ-માંસના પૂતળાની પૂજા થવી ઘણો ભારે દોષ છે. જેમ રાજાથી વેર કરવાવાળો, તેનાથી વિરુદ્ધ ચાલવાવાળો રાજદ્રોહી હોય છે, એવી જ રીતે પોતાની પૂજા કરાવવાવાળા ભગવદ્દ્રોહી હોય છે. ગીતાપ્રેસના સંસ્થાપક, સંચાલક અને સંરક્ષક શેઠજી શ્રીજયદયાલજી ગોયંદકાને

એક સજ્જને કહ્યું કે "અમે તમારો ફોટો લેવા ચાહીએ છીએ" તો તેમણે કહ્યું કે, "પહેલાં તમારા જોડા લાવીને મારા માથા પર બાંધી દો, પછી ફોટો લઈ લો ! પોતાની પૂજા કરાવવી હું જોડા મારવા જેવું માનું છું." એક વાર શેઠજીએ એક સંતને પૂછ્યું કે "તમે પુસ્તકોમાં તમારું ચિત્ર આપ્યા કરો છો, તમારા નામ, ચિત્ર વગેરેનો પ્રચાર કર્યા કરો છો, તો એનાથી તમારું ભલું થાય છે કે શિષ્યોનું ભલું થાય છે કે સંસારનું ભલું થાય છે ? કોનું ભલું થાય છે ?" આ પ્રશ્નનો જવાબ આપવાનું તેમનાથી બન્યું નહિ.



ગુરુ બનવાનો અધિકાર કોને ?

ગુરુનો મહિમા ગોવિંદથી પણ અધિક ગણાવાયો છે, પણ એ મહિમા તે ગુરુનો છે, જે શિષ્યનો ઉદ્ધાર કરી શકે. શ્રીમદ્ભાગવતમાં આવ્યું છે—

ગુરુર્ન સ સ્યાત્સ્વજનો ન સ સ્યાત્
પિતા ન સ સ્યાજ્જનની ન સા સ્યાત્ ।
દૈવં ન તત્સ્યાન્ન પતિશ્ચ સ સ્યા-
ન્ન મોચયેદ્યઃ સમુપેતમૃત્યુમ્ ॥

(શ્રીમદ્ભા૦ ૫ । ૫ । ૧૮)

'જે નજીક આવેલા મૃત્યુથી નથી છોડાવતા, તે ગુરુ નથી, સ્વજન સ્વજન નથી, પિતા પિતા નથી, માતા માતા નથી, ઇષ્ટદેવ ઇષ્ટદેવ નથી અને પતિ પતિ નથી.'

તેથી સંતોની વાણીમાં આવ્યું છે—

ચૌથે પદ ચીન્હે બિના શિષ્ય કરો મત કોય ।

તાત્પર્ય છે કે જ્યાં સુધી પોતાનામાં શિષ્યનો ઉદ્ધાર કરવાની

તાકાત નહિ આવે, ત્યાં સુધી કોઈ ગુરુ ન બનો. કારણ કે ગુરુ બની જાય અને ઉદ્ધાર ન કરી શકે તો ઘણો દોષ લાગે છે—

હરઇ સિષ્ય ધન સોક ન હરાઈ । સો ગુરુ ઘોર નરક મહું પરઈ ॥

(માનસ, ઉત્તર૦ ૯૯ । ૪)

તે ઘોર નરકમાં એટલા માટે પડે છે કે મનુષ્ય બીજી જગાએ જઈને પોતાનું કલ્યાણ કરી લેત, પણ તેને પોતાનો શિષ્ય બનાવીને એક જગાએ અટકાવી દીધો ! તેને પોતાનું કલ્યાણ કરવાને માટે મનુષ્યનું શરીર મળ્યું હતું, તેમાં મોટી બાધા લગાડી દીધી ! જેમ એક ઘરની અંદર કૂતરો આવી ગયો તો ઘરના માલિકે દરવાજો બંધ કરી દીધો. ઘરમાં ખાવાનું કંઈ ન હતું. હવે તે કૂતરાને ત્યાં તો ખાવાનું કાંઈ મળશે નહિ અને બીજી જગાએ જઈ શકશે નહિ. એ જ દશા આજકાલ ચેલાઓની થાય છે. ગુરુ પોતે તો ચેલાઓનું કલ્યાણ કરી શકતા નથી અને બીજી જગાએ જવા દેતા નથી. તે ક્યાંક બીજે ચાલ્યો જાય તો તેને ધમકાવે છે કે મારો ચેલો થઈને બીજાની પાસે જાય છે ! શ્રીકરપાત્રીજી મહારાજ કહેતા હતા કે, "જે ગુરુ પોતાનો શિષ્ય તો બનાવી લે છે, પણ તેનો ઉદ્ધાર નથી કરતા, તે આગળના જન્મમાં કૂતરો બને છે અને શિષ્ય ચાંચડ બનીને તેનું લોહી ચૂસે છે!"

મન્ત્રિદોષશ્ચ રાજાનં જાયાદોષઃ પતિં યથા ।
તથા પ્રાપ્નોત્યસન્દેહં શિષ્યપાપં ગુરું પ્રિયે ॥

(કુલાર્ણવતન્ત્ર)

'જે રીતે મંત્રીનો દોષ રાજાને અને સ્ત્રીનો દોષ પતિને પ્રાપ્ત થાય છે, તે રીતે નિશ્ચય જ શિષ્યનું પાપ ગુરુને પ્રાપ્ત થાય છે.'

દાપયેત્ સ્વકૃતં દોષં પત્ની પાપં સ્વભર્તરિ ।
તથા શિષ્યાર્જિતં પાપં ગુરુમાપ્નોતિ નિશ્ચિતમ્ ॥

(ગન્ધર્વતન્ત્ર)

'જેમ સ્ત્રીનો દોષ અને પાપ તેના સ્વામીને લાગે છે. તેવી જ રીતે શિષ્યએ કરેલું પાપ ગુરુને જરૂર લાગે જ છે.'

એક સંતના પૂર્વજન્મની સાચી ઘટના છે. પૂર્વજન્મમાં તેઓ એક રાજાના મંત્રી હતા. તેમને વૈરાગ્ય આવી ગયો તો તેઓ બધું છોડીને ભલા વિરક્ત સંત બની ગયા. તેમની પાસે આવીને કેટલાય સાધુ રહેવા લાગ્યા. રાજાના મનમાં પણ વિચાર આવ્યો કે હું આ મંત્રી મહારાજને જ ગુરુ બનાવી લઉં અને ભજન કરું. તેઓ જઈને તેમના શિષ્ય બની ગયા. વખત જતાં જ્યારે ગુરુજી (અગાઉના મંત્રી)નું શરીર શાંત થઈ ગયું તો તેમની જગાએ તે રાજાને મહંત બનાવી દીધા. મહંત બન્યા પછી રાજા ભોગ ભોગવવામાં લાગી ગયા; કારણ કે ભોગ ભોગવવાની જૂની આદત હતી. પરિણામ સ્વરૂપે તે રાજા મર્યા બાદ નરકોમાં ગયા. ગુરુજી (અગાઉના મંત્રી) ઊંચા લોકોમાં ગયા હતા. નરકોને ભોગવ્યાં પછી જ્યારે તે રાજાએ પુનર્જન્મ લીધો, ત્યારે તેની સાથે ગુરુજીને પણ જન્મ લેવો પડ્યો. પછી ગુરુજીએ તેમને ફરીથી ભગવાનમાં લગાડ્યા, પણ તેમને શિષ્ય નહિ બનાવ્યા, બલકે મિત્ર જ બનાવ્યા. જીવનભરમાં તેમણે કોઈને પણ શિષ્ય નહિ બનાવ્યા. આ ઘટનાથી સિદ્ધ થાય છે કે જો ગુરુ પોતાના શિષ્યનો ઉદ્ધાર ન કરી શકે તો તેને શિષ્યના ઉદ્ધારને માટે ફરી સંસારમાં આવવું પડે છે. એટલા માટે ગુરુ તેઓએ બનવું જોઈએ, જે શિષ્યનો ઉદ્ધાર કરી શકે.

આજકાલ ગુરુ ચેલાને ભગવાનની તરફ ન લગાવીને પોતાની તરફ લગાવે છે, તેમને ભગવાનના ન બનાવીને પોતાના બનાવે છે, એ ઘણો ભારે અપરાધ છે.* એક જીવ પરમાત્મા તરફ જવા ચાહે છે,

---

* પાપ અને અપરાધમાં ફરક હોય છે. પાપનું ફળ (નરક વગેરે) ભોગવવાથી પાપ નષ્ટ થઈ જાય છે, પણ જેનો અપરાધ કર્યો છે, તેની પ્રસન્નતા વિના અપરાધ નષ્ટ નથી થતો, એટલા માટે અપરાધ પાપથી પણ વધારે ભયંકર હોય છે.

તેને પોતાનો ચેલો બનાવી લીધો તો હવે તે ગુરુમાં અટકી ગયો. હવે તે ભગવાનની તરફ કેવી રીતે જશે ? ભગવાનની તરફ જવામાં અંતરાય પાડવાવાળા થઈ ગયા ! ગુરુ તો તે છે, જે ભગવાનની સન્મુખ કરી દે, ભગવાનમાં શ્રદ્ધા-વિશ્વાસ કરાવી દે; જેમ– હનુમાનજીએ વિભીષણનો વિશ્વાસ પોતાનામાં ન કરાવીને ભગવાનમાં કરાવ્યો—

સુનહુ બિભીષન પ્રભુ કૈ રીતી । કરહિં સદા સેવક પર પ્રીતી ।।
કહહુ કવન મૈં પરમ કુલીના । કપિ ચંચલ સબહીં બિધિ હીના ।।
પ્રાત લેઇ જો નામ હમારા । તેહિ દિન તાહિ ન મિલૈ અહારા ।।
અસ મૈં અધમ સખા સુનુ મોહૂ પર રઘુબીર ।
કીન્હી કૃપા સુમિરિ ગુન ભરે બિલોચન નીર ।।

(માનસ, સુંદર० ७)

શ્રીશરણાનંદજી મહારાજે લખ્યું છે—

"જે ઉપદેશક પ્રભુવિશ્વાસની જગાએ પોતાના વ્યક્તિત્વનો વિશ્વાસ અપાવે છે અને પ્રભુસંબંધને બદલે પોતાના વ્યક્તિત્વની સાથે સંબંધ જોડવા દે છે, તેઓ ભયંકર અનર્થ કરે છે." (પ્રબોધની)

વ્યક્તિમાં શ્રદ્ધા-વિશ્વાસ કરવાને બદલે ભગવાનમાં શ્રદ્ધા-વિશ્વાસ કરવાથી વધારે લાભ થશે, જલદી લાભ થશે અને વિશેષ લાભ થશે. એટલા માટે જે ગુરુ પોતાનામાં વિશ્વાસ કરાવે છે, પોતાની સેવા કરાવે છે, પોતાના નામનો જપ કરાવડાવે છે, પોતાના રૂપનું (ફોટાનું) ધ્યાન કરાવે છે, પોતાની પૂજા કરાવે છે, પોતાનું એંઠું આપે છે, પોતાના ચરણ ધોવડાવે છે, તે પતનની તરફ લઈ જવાવાળું છે. તેનાથી સાવધાન રહેવું જોઈએ.

ભગવાનનો જ અંશ હોવાના કારણે મનુષ્યમાત્રનો સદાથી જ ભગવાનની સાથે ઘનિષ્ઠ સંબંધ છે. આ સંબંધ સ્વતઃ-સ્વાભાવિક છે,

બનાવટી નથી. પરંતુ ગુરુ સાથે જોડવામાં આવેલો સંબંધ બનાવટી હોય છે. બનાવટી સંબંધથી કલ્યાણ નથી થતું, બલકે બંધન થાય છે; કેમ કે સંસારના બનાવટી સંબંધથી જ આપણે બંધાયા છીએ. તમે વિચારો, જે લોકોએ ગુરુ બનાવ્યા છે, શું તેમનું બધાનું કલ્યાણ થઈ ગયું ? તેમને તત્ત્વજ્ઞાન થઈ ગયું ? ભગવાનની પ્રાપ્તિ થઈ ગઈ ? જીવન્મુક્તિ થઈ ગઈ ? કોઈને થઈ હોય તો ઘણા આનંદની વાત છે, પણ અમને વિશ્વાસ નથી થતો. એક તો તે લોકો છે, જેમણે ગુરુ બનાવ્યા છે અને બીજા તે લોકો છે, જેમણે ગુરુ નથી બનાવ્યા, પણ સત્સંગ કરે છે—તે બંનેમાં તમને શું ફરક દેખાય છે ? વિચારો કે ગુરુ બનાવવાથી વધારે લાભ થાય છે કે સત્સંગ કરવાથી વધારે લાભ થાય છે ? ગુરુજી આપણું કલ્યાણ કરી દેશે—એવો ભાવ હોવાથી પોતાના સાધનમાં ઢીલાશ આવી જાય છે. એટલા માટે ગુરુ બનાવવાવાળાઓમાં જેટલા રાગ-દ્વેષ જણાય છે, તેટલા સત્સંગ કરવાવાળાઓમાં નથી જણાતા. કોઈને સારો સંગ પણ મળી જાય તો તે કોઈની સાથે લડાઈ-ઝઘડો, માર-પીટ નથી કરતો, પણ પોતાને કોઈ ગુરુનો ચેલો માનવાવાળો બીજા ગુરુના ચેલાઓની સાથે મારપીટ પણ કરી દે છે. ગુરુ બનાવવાવાળાઓમાં કોઈ ખાસ પરિવર્તન નથી દેખાતું. માત્ર એક વહેમ થઈ જાય છે કે અમે ગુરુ બનાવી લીધા, એના સિવાય બીજું કાંઈ નથી થતું. એટલા માટે ગુરુ બનાવવાથી મુક્તિ થઈ જાય છે—એ નિયમ છે જ નહિ.

ગુરુ બનવું અને બનાવવા તે ઘણી જોખમી બાબત છે, કોઈ તમાશો નથી. કોઈ માણસ કાપડની દુકાન પર જાય અને દુકાનદારને કહે કે મારે અમુક કપડું જોઈએ. દુકાનદાર તેનાથી કાપડની કિંમત તો લઈ લે, પણ કાપડ નહિ આપે તો શું આ યોગ્ય છે ? જો કાપડ આપી શકતા ન હો તો કિંમત કેમ લીધી ? અને કિંમત લીધી તો

કાપડ કેમ નહિ દીધું ? એવી જ રીતે શિષ્ય તો બનાવી લે. ભેટ-પૂજા લઈ લે અને ઉદ્ધાર કરે નહિ તો શું એ યોગ્ય છે ? પહેલાં ચેલા બની જાઓ. ઉદ્ધાર પછી કરીશું—એ ઠગાઈ છે. પોતાનું પૂજન કરાવી લીધું, ભેટ લઈ લીધી, ચેલો બનાવી લીધો અને ભગવત્પ્રાપ્તિ નહિ કરાવી; તો પછી તમે ગુરુ કેમ બન્યા ? ગુરુ બન્યા છો તો ભગવત્પ્રાપ્તિ કરાવો અને નહિ કરાવો તો તમને ગુરુ બનવાનો કોઈ અધિકાર નથી. જો ભોળાનું કલ્યાણ કરી શકતા નથી તો તેને બીજી જગાએ જવા દો. ખુદ કલ્યાણ નથી કરી શકતા તો પછી તેને રોકવાનો શું અધિકાર છે ? ખુદ કલ્યાણ કરતા નથી અને બીજી જગાએ જવા દેતા નથી તો બિચારા શિષ્યનો તો નાશ કરી દીધો ! તેનો મનુષ્યજન્મ નકામો કરી દીધો. હવે તે પોતાનું કલ્યાણ કેવી રીતે કરશે ? એટલા માટે બને ત્યાં સુધી ગુરુ-શિષ્યનો સંબંધ નહિ જોડવો જોઈએ. ગુરુ-શિષ્યનો સંબંધ જોડ્યા વિના સંતની વાત માનશો તો લાભ થશે અને નહિ માનશો તો નુકસાન નહિ થશે. સારાંશ છે કે ગુરુ-શિષ્યનો સંબંધ ન જોડવામાં લાભ જ લાભ છે, નુકસાન નથી. પરંતુ ગુરુ-શિષ્યનો સંબંધ જોડશો તો વાત નહિ માનવાથી નુકસાન થશે. કારણ કે જો ગુરુ અસલી હોય અને તેમની એક વાત પણ ટાળી દો, તેમની આજ્ઞા ન માનો તો તે ગુરુનો અપરાધ થાય છે, તેને ભગવાન પણ માફ નથી કરી શકતા !

શિવક્રોધાદ્ ગુરુસ્ત્રાતા ગુરુક્રોધાચ્છિવો ન હિ ।
તસ્માત્સર્વપ્રયત્નેન ગુરોરાજ્ઞાં ન લંઘયેત્ ॥

(ગુરુગીતા)

'ભગવાન શંકરના ક્રોધથી તો ગુરુ રક્ષા કરી શકે છે, પણ ગુરુના ક્રોધથી ભગવાન શંકર પણ રક્ષા નથી કરી શકતા. એટલા માટે બધી રીતે પ્રયત્નપૂર્વક ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું.'

રાખઇ ગુર જૌં કોપ બિધાતા । ગુર બિરોધ નહિં કોઉ જગ ત્રાતા ॥

(માનસ. બાલ૦ ૧૬૬ । ૩)



સાચા ગુરુની દુર્લભતા

ગુરવો બહવઃ સન્તિ શિષ્યવિત્તાપહારકાઃ ।
તમેકં દુર્લભં મન્યે શિષ્યહૃત્તાપહારકમ્ ॥

(ગુરુગીતા)

'શિષ્યના ધનનું હરણ કરવાવાળા ગુરુ તો ઘણા છે. પણ શિષ્યના હૃદયના તાપનું હરણ કરવાવાળા ગુરુ દુર્લભ છે.

ગીતાએ પ્રાણીમાત્રના હિતમાં પ્રીતિની વાત કહી છે— **'સર્વભૂતહિતે રતાઃ'** (૫ । ૨૫, ૧૨ । ૪). સાચા સંતોની દૃષ્ટિ પ્રાણીઓના હિતની તરફ રહે છે, તેમને પોતાના તરફ ખેંચવાની નહિ. તેઓ ન તો કોઈને પોતાનો ચેલો બનાવે છે, ન પોતાની ટોળી બનાવે છે અને ન કોઈ પાસેથી કંઈ લે છે, બલકે બીજાનું કલ્યાણ કેવી રીતે થાય—એ તરફ દૃષ્ટિ રાખે છે અને ફક્ત શિષ્યોને માટે જ નહિ, બલકે પ્રાણીમાત્રના કલ્યાણને માટે ભગવાનને પ્રાર્થના કરે છે—

સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખભાગ્ભવેત્ ॥

કારણ કે તેઓ ભક્તયોગી હોય છે. તેથી તેઓ જાણે છે કે સંસારમાં કેટલું દુઃખ છે અને સંસારના સંબંધ-વિચ્છેદ કરવામાં કેટલું સુખ છે. એટલા માટે તેઓ ચાહે છે કે બીજા લોકો પણ સંસારનાં દુઃખોથી છૂટી જાય અને સદાને માટે પરમ સુખનો અનુભવ કરી લે.

આ જમાનામાં સાચા સંત-મહાત્મા જોવા મળતા નથી. સાચા મહાત્મા અગાઉના જમાનામાં પણ ઘણા ઓછા હતા, હાલમાં તો

ખાસ ઓછા થઈ ગયા છે. હાલમાં તો ગુરુ બનવાનો એક ધંધો (વ્યવસાય) જ બની ગયો છે. ચેલા એટલા માટે બનાવે છે કે પોતાની જીવિકા ચાલતી રહે, પોતાનું મનમાન્યું થતું રહે, પોતાના માન-મોટાઈ (શરીરનું માન અને નામની મોટાઈ) થતા રહે, પોતાનો સ્વાર્થ સિદ્ધ થતો રહે. આવો જ ભાવ ચેલાઓનો પણ રહે છે !

ગુરુ લોભી સિષ લાલચી, દોનોં ખેલે દાઁવ ।
દોનોં ડૂબા 'પરસરામ', બૈઠ પથરકી નાઁવ ॥

હાલ નકલી ચીજોનો જમાનો છે. બ્રાહ્મણ પણ નકલી, ક્ષત્રિય પણ નકલી, વૈશ્ય પણ નકલી, શૂદ્ર પણ નકલી, બ્રહ્મચારી પણ નકલી, ગૃહસ્થ પણ નકલી, વાનપ્રસ્થ પણ નકલી, સાધુ પણ નકલી, ત્યાં સુધી કે શાકભાજી, ફૂલ-પાંદડી, મરચાં-મસાલા, દૂધ વગેરે પણ નકલી મળે છે. બધી ચીજ નકલી છે તો ગુરુ પણ નકલી છે—

મિથ્યારંભ દંભ રત જોઈ । તા કહુઁ સંત કહઇ સબ કોઈ ॥
નિરાચાર જો શ્રુતિ પથ ત્યાગી ।કલિજુગ સોઇ ગ્યાની સો બિરાગી ॥

(માનસ, ઉત્તર૦ ૯૮ । ૨, ૪)

સાધુ થવામાત્રથી કલ્યાણ નથી થતું. મેં ખુદ સાધુ થઈને જોયું છે. એટલા માટે પોતાનું કલ્યાણ ચાહવાવાળાઓએ કોઈ મનુષ્યના ચક્કરમાં નહિ આવવું જોઈએ, કોઈને ગુરુ નહિ બનાવવા જોઈએ.

વાસ્તવમાં કલ્યાણ, મુક્તિ, તત્ત્વજ્ઞાન, પરમાત્મપ્રાપ્તિ ગુરુને આધીન નથી. જો ગુરુ બનાવ્યા વિના તત્ત્વજ્ઞાન નથી થતું તો સૃષ્ટિમાં જે સૌથી પહેલો ગુરુ થયો હશે, તેને તત્ત્વજ્ઞાન કેવી રીતે થયું ? જો કોઈ મનુષ્ય ગુરુ બનાવ્યા વિના તેને તત્ત્વજ્ઞાન થઈ ગયું તો એનાથી સિદ્ધ થયું કે કોઈ મનુષ્યને ગુરુ વિના પણ જગદ્ગુરુ ભગવાનની

કૃપાથી તત્ત્વજ્ઞાન થઈ શકે છે. પરંતુ આજકાલ તો એવી પ્રથા ચાલી રહી છે કે પહેલાં ચેલા બનો. ગુરુમંત્ર લો. પછી ઉપદેશ દઈશું. આવી દશામાં ગુરુ બનાવવાથી ચેલાની ઘણી દુર્દશા થાય છે. ભાવ બેસતો નથી, લાભ દેખાતો નથી, ભીતરનો ભ્રમ પણ મરતો નથી અને છોડીને બીજી જગાએ જઈ શકાતું નથી. મારી કોઈ સંમતિ લે તો હું કહીશ કે સત્સંગ કરો અને જેટલો લાભ લઈ શકો, તેટલો લાભ લો, પણ કોઈને ગુરુ ન બનાવો. જ્યાં-જ્યાંથી સારી વાતો મળે, ત્યાં-ત્યાંથી તેને લેતા રહો અને જ્યાં સારી વાત ન મળે, ત્યાંથી ચાલી નીકળો. ગુરુ બનાવીને બંધાવ નહિ.

મધુલુબ્ધો યથા ભૃંગઃ પુષ્પાત્ પુષ્પાન્તરં વ્રજેત્ ।
જ્ઞાનલુબ્ધસ્તથા શિષ્યો ગુરોર્ગુર્વન્તરં વ્રજેત્ ॥

(ગુરુગીતા)

'મધનો લોભી ભમરો જેમ એક ફૂલથી બીજા ફૂલની તરફ જાય છે, એવી જ રીતે જ્ઞાનનો લોભી શિષ્ય એક ગુરુથી બીજા ગુરુની પાસે જાય છે.'

ગુરુ બનાવ્યા પછી આગળ જઈને ન જાણે શું દશા થશે ! મને એવા કેટલાય માણસ મળ્યા છે, જેમણે પોતાની દૃષ્ટિથી સારા-સારા ગુરુ બનાવ્યા, પણ પછી તેમના પર અશ્રદ્ધા થઈ ગઈ. તેથી જ પોતાનું કલ્યાણ ચાહે છે, તેણે કોઈની પણ સાથે સંબંધ નહિ જોડવો જોઈએ. સંસારની સાથે સંબંધ જોડવાવાળો પોતાનું જ કલ્યાણ નથી કરી શકતો, પછી બીજાનું કલ્યાણ કેવી રીતે કરશે ?

આજકાલ અસલી ગુરુ મળવા ઘણું અઘરું છે. તત્ત્વને બરાબર જાણવાવાળો હોય, એવું જોવામાં નથી આવતું. જે સ્વયં તત્ત્વને નથી જાણતો, તે શિષ્યને શું બતાવશે ? તત્ત્વને યોગ્ય રીતે જાણવાવાળા ગુરુ અગાઉ પણ ઘણા ઓછા થયા છે. અગાઉ થઈ ચૂકેલા સંતોનાં

પુસ્તકો વાંચીએ છીએ તો તેનાથી પણ એમને પૂરો સંતોષ નથી થતો. સૌથી શ્રેષ્ઠ સંત તેઓ હોય છે, જેમનામાં મતભેદ નથી હોતાં એટલે કે દ્વૈત, અદ્વૈત, દ્વૈતાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત વગેરે કોઈ એક મતનો આગ્રહ નથી હોતો. એટલા માટે સાધકને માટે સૌથી ઉત્તમ વાત એ જ છે કે તે સાચા દિલથી ભગવાનમાં લાગી જાય. કોઈ વ્યક્તિને ન પકડીને પરમાત્માને પકડો. વ્યક્તિમાં પૂર્ણતા નથી હોતી. પૂર્ણતા પરમાત્મામાં હોય છે. આપણે સાચા દિલથી પરમાત્માની સન્મુખ થઈ જઇએ તો તેઓ યોગ, જ્ઞાન, ભક્તિ—સર્વ કાંઈ દઈ દે છે*.



મનુષ્યનો જન્મજાત ગુરુ—વિવેક

એક માર્મિક વાત છે કે જગદ્‌ગુરુ ભગવાન પોતાની પ્રાપ્તિને માટે મનુષ્ય-શરીર આપે છે તો સાથે વિવેકરૂપી ગુરુ પણ આપે છે. ભગવાન અધૂરું કામ નથી કરતા. જેમ મોટા અધિકારીઓને મકાન, નોકર, મોટર વગેરે બધી સુવિધાઓ મળે છે, એવી જ રીતે ભગવાન મનુષ્ય-શરીરની સાથે સાથે કલ્યાણની બધી સામગ્રી પણ દેખાડી દે છે. તેઓ મનુષ્યને 'વિવેક'-રૂપી ગુરુ આપે છે, જેનાથી તે સત્ અને અસત્, કર્તવ્ય અને અકર્તવ્ય,યોગ્ય અને અયોગ્ય વગેરેને જાણી શકે

* તેષાં સતતયુક્તાનાં ભજતાં પ્રીતિપૂર્વકમ્ ।
દદામિ બુદ્ધિયોગં તં યેન મામુપયાન્તિ તે ॥
તેષામેવાનુકમ્પાર્થમહમજ્ઞાનજં તમઃ ।
નાશયામ્યાત્મભાવસ્થો જ્ઞાનદીપેન ભાસ્વતા ॥ (ગીતા ૧૦ । ૧૦-૧૧)

'જેઓ નિત્ય-નિરંતર મારામાં લાગેલા અને પ્રેમપૂર્વક મારું ભજન કરવાવાળા ભક્તોને હું તે બુદ્ધિયોગ આપું છું, જેનાથી તમને મારી પ્રાપ્તિ થઈ જાય છે.'

'તે ભક્તો પર કૃપા કરવા માટે તેમના સ્વરૂપ (હોવાપણું)માં રહેવાવાળો હું તેમના અજ્ઞાનજન્ય અંધકારને દેદીપ્યમાન જ્ઞાનરૂપી દીવડા વડે નષ્ટ કરી દઉં છું.'

છે. આ વિવેકથી ચડિયાતો કોઈ ગુરુ નથી. જે પોતાના વિવેકનો આદર કરે છે. તેને પોતાના કલ્યાણને માટે બહારના ગુરુની જરૂરત નથી પડતી.જે પોતાના વિવેકનો આદર નથી કરતો, તે બહારના ગુરુ બનાવીને પણ પોતાનું કલ્યાણ નથી કરી શકતો. એટલા માટે બહારના ગુરુ બનાવવા છતાં પણ કલ્યાણ નથી થતું.

મનુષ્ય વિવેકને જેટલું-જેટલું મહત્ત્વ આપે છે, તેને કામમાં લાવે છે, તેટલો-તેટલો તેનો વિવેક વધતો જાય છે અને વધતાં-વધતાં એ જ વિવેક તત્ત્વજ્ઞાનમાં પરિણત થઈ જાય છે. વિવેકનો આદર ગુરુ બનાવવાથી નથી થતો, બલકે સત્સંગથી થાય છે—**'બિનુ સતસંગ બિબેક ન હોઈ'** (માનસ,બાલ૦ ૩ । ૪). સારા સંત-મહાત્મા શિષ્યનથી બનાવતા તો પણ તેમનો સત્સંગ કરવાથી ઉદ્ધાર થઈ જાય છે. તેમનાં આચરણોથી બોધ મળે છે, તેમની વાણીથી શાસ્ત્ર બને છે. તેથી જ્યાં સારો સત્સંગ મળે, પોતાના ઉદ્ધારની વાત મળે, ત્યાં સત્સંગ કરવો જોઈએ, પણ બને ત્યાં સુધી,ગુરુ-શિષ્યનો સંબંધ નહિ જોડવો જોઈએ.

મેવાડના રાજાના કાકા હતા—મહારાજ ચતુરસિંહજી. તેઓ સત્સંગ સાંભળતા અને તેમાં કોઈ ઉત્તમ વાત મળતી તો સાંભળાત જ ત્યાંથી ચાલી નીકળતા કે હવે આ વાત કામમાં લાવવી છે. તેઓ અવો નિર્ણય કરી લેતા કે હવે આ વાત અમારા જીવનમાંથી નહિ નીકળશે. એવું કરવાથી તેઓ એક સારા સંત થઈ ગયા. તેમણે અનેક સદ્ગ્રંથોની રચના કરી અને તેઓ મેવાડી ભાષાના વાલ્મિકિ કહેવાયા.

એવી રીતે તમે પણ જે સારી વાત મળે, તેને ગ્રહણ કરતા જાઓ તો તમે પણ સંત થઈ જશો.




કલ્યાણમાં શિષ્યની મુખ્યતા

ગુરુજી કોઈ ગાદીના મહંત હોય, તેમની પાસે લાખો-કરોડો રૂપિયા હોય તો તેમનાથી રૂપિયા પ્રાપ્ત કરવામાં ગુરુની મુખ્યતા છે. ગુરુ ચેલાનો સ્વીકાર કરશે, ત્યારે ચેલાને ધન મળશે. ગુરુની મરજી વિના ચેલો તેમનાથી ધન નહિ લઈ શકશે. આ રીતે ધનની પ્રાપ્તિમાં તો ગુરુની મુખ્યતા છે, પણ કલ્યાણ અને વિદ્યાની પ્રાપ્તિમાં ચેલાની જ મુખ્યતા છે. જો ચેલામાં પોતાના કલ્યાણની ભૂખ ન હોય તો ગુરુ તેનું કલ્યાણ નથી કરી શકતા. પરંતુ ચેલામાં પોતાના કલ્યાણની ભૂખ હોય તો ગુરુના દ્વારા તેનો સ્વીકાર ન કરવા છતાં પણ તે પોતાનું કલ્યાણ કરી લેશે.

સ્વામી રામાનંદજી મહારાજે કબીરને શિષ્ય બનાવવાની મનાઈ કરી દીધી, તો તેઓ એક દિવસ પંચગંગા ઘાટની સીડીઓ પર સૂઈ ગયા. રામાનંદજી મહારાજ સ્નાન માટે ત્યાંથી નીકળ્યા તો અજાણતામાં તેમનો પગ કબીર પર પડી ગયો અને તેઓ 'રામ-રામ' બોલી ઊઠ્યા. કબીરે 'રામ'-નામને જ ગુરુમંત્ર માની લીધો અને સાધનામાં લાગી ગયા. પરિણામે કબીર સંતોમાં ચક્રવર્તી સંત થયા ! દ્રોણાચાર્યજીએ એકલવ્યનો શિષ્યરૂપે સ્વીકાર નહિ કર્યો તો તેણે દ્રોણાચાર્યની પ્રતિમા બનાવી અને તેમને ગુરુ માનીને ધનુર્વિદ્યાનો અભ્યાસ શરૂ કરી દીધો. પરિણામે તે અર્જુનથી પણ તેજ થઈ ગયો. તેથી ગુરુ બનાવવાથી જ કલ્યાણ થશે—એ વાત છે જ નહિ. જો એવી વાત હોત તો જેમણે ગુરુ બનાવી લીધા, શું તે બધાનું કલ્યાણ થઈ ગયું ? શું તે બધાને ભગવાન મળી ગયા ? જેમના ઉપદેશથી, માર્ગદર્શનથી આપણું કલ્યાણ થઈ જાય, તે જ વાસ્તવમાં આપણા

ગુરુ છે. ચાહે આપણે તેને ગુરુ માનીએ યા ન માનીએ. ચાહે તે આપણને ચેલો માને કે ન માને અને ચાહે ગુરુને આપણી ખબર હોય યા ન હોય. દત્તાત્રેયજીએ પોતાના ચોવીસ ગુરુઓની વાત બતાવી તો શું કોઈએ આવીને તેમને કહ્યું કે તું મારો ચેલો છે અને હું તારો ગુરુ છું ? ગુરુ એવા બનાવવા જોઈએ કે ગુરુને ખબર જ ન પડે કે કોઈ મારો ચેલો છે.



ભગવત્પ્રાપ્તિ ગુરુને આધીન નથી

જેને આપણે પ્રાપ્ત કરવા ચાહીએ છીએ, તે પરમાત્મતત્ત્વ એક જગામાં સીમિત નથી, કોઈના કબજામાં નથી, જો છે તો તે આપણને શું ન્યાય કરશે ? પરમાત્મતત્ત્વ તો પ્રાણીમાત્રને નિત્ય પ્રાપ્ત છે. જે તે પરમાત્મતત્ત્વને જાણવાવાળા મહાત્માઓ છે, તેઓ નથી ગુરુ બનતા, ન કોઈ ફી (ભેટ) લે છે, બલકે બધાને ખુલ્લેઆમ બનાવે છે. જેઓ ગુરુ નથી બનતા, તેઓ તત્ત્વની જેવી વાત બતાવી શકે છે, તેવી તત્ત્વની વાત ગુરુ બનવાવાળા નથી બતાવી શકતા.

સોદો કરવાવાળી વ્યક્તિઓ ગુરુ નથી હોતી. જેઓ કહે છે કે પહેલાં અમારા શિષ્ય બનો, પછી અમે ભગવત્પ્રાપ્તિનો રસ્તો બતાવીશું, તેઓ જાણે ભગવાનને વેચે છે, એ સિદ્ધાંત છે કે કોઈ વસ્તુ જેટલા મૂલ્યમાં મળે છે, તે ખરેખર તો તેનાથી ઓછા મૂલ્યની હોય છે. જેમ કોઈ ઘડિયાળ સો રૂપિયામાં મળે છે તો તેને લેવામાં દુકાનદારને સો રૂપિયા નથી લાગ્યા.જો ગુરુ બનાવવાથી જ કોઈ ચીજ મળશે તો તે ગુરુથી ઓછી કિંમતવાળી એટલે કે ગુરુથી ઊતરતી જ હશે. અમૂલ્ય વસ્તુ વિનામૂલ્યે મળે છે અને જે વસ્તુ મૂલ્યથી મળે છે, તે મૂલ્યથી ઊતરતી હોય છે. એટલા માટે કોઈ કહે કે મારો ચેલો બને તો હું વાત બતાવીશ, ત્યાં હાથ જોડી દેવા જોઈએ ! સમજી લેવું જોઈએ કે

કોઈ કાલનેમિ છે ! નકલી ગુરુ બનેલા કાલનેમિ રાક્ષસે હનુમાનજીને કહ્યું હતું—

સર મજ્જન કરિ આતુર આવહુ । દિચ્છા દેઉઁ ગ્યાન જેહિં પાવહુ ॥

(માનસ,લંકા૦ ૫૭ । ૪)

તેની પોલ પકડાઈ જવાથી હનુમાનજીએ કહ્યું કે પહેલાં ગુરુદક્ષિણા લઈ લો પછી મંત્ર આપજો અને પૂંછડીમાં માથું લપેટીને તેને પછાડી દીધો !



કલ્યાણની પ્રાપ્તિનું કારણ—પોતાની લગની

ભગવાને ગીતામાં સ્પષ્ટ કહ્યું છે—

ઉદ્ધરેદાત્મનાત્માનં નાત્માનમવસાદયેત્ ।
આત્મૈવ હ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ ॥ (૬ । ૫)

'પોતાના દ્વારા પોતાનો ઉદ્ધાર કરવો, પોતાનું પતન ન કરવું; કેમ કે પોતે જ પોતાનો મિત્ર છે અને પોતે જ પોતાનો શત્રુ છે.'

તાત્પર્ય છે કે પોતાના ઉદ્ધાર અને પતનમાં મનુષ્ય પોતે જ કારણ છે. બીજું કોઈ નથી. ભગવાને મનુષ્યનું શરીર દીધું છે તો પોતાના કલ્યાણની સામગ્રી પણ પૂરી દીધી છે. એટલા માટે પોતાના કલ્યાણને માટે બીજાની જરૂરત નથી.

ગુરુ, સંત અને ભગવાન પણ ત્યારે ઉદ્ધાર કરે છે, જ્યારે મનુષ્ય સ્વયં તેમના પર શ્રદ્ધા-વિશ્વાસ કરે છે, તેમને સ્વીકાર કરે છે, તેમની સન્મુખ થાય છે, તેમની આજ્ઞાનું પાલન કરે છે. જો મનુષ્ય તેમને સ્વીકારે નહિ તો તેઓ કેવી રીતે ઉદ્ધાર કરશે ? નથી કરી શકતા. ખુદ શિષ્ય ન બને તો ગુરુ શું કરશે ? જેમ બીજી વ્યક્તિ ભોજન તો

આપી દેશે. પણ ભૂખ તો પોતાની હોવી જોઈએ. પોતાની ભૂખ ન હોય તો બીજાના દ્વારા આપવામાં આવેલું ઉત્તમ ભોજન પણ શું કામનું ? એવી જ રીતે પોતાની લગની ન હોય તો સંત-મહાત્માઓનો ઉપદેશ શું કામનો ?

ગુરુ, સંત અને ભગવાનનો કદી અભાવ થતો નથી. અનેક મોટા મોટા સંત થઈ ગયા, આચાર્ય થઈ ગયા, ગુરુ થઈ ગયા, ભગવાનના અવતાર થઈ ગયા, પણ હજુ સુધી આપણો ઉદ્ધાર નથી થયો ! એનાથી સાબિત થાય છે કે આપણે જ તેમનો સ્વીકાર કર્યો નથી. તેથી પોતાના ઉદ્ધાર અને પતનમાં આપણે જ કારણ છીએ. જે પોતાના ઉદ્ધાર અને પતનમાં બીજાને કારણ બનાવે છે, તેનો ઉદ્ધાર કદી થઈ જ નથી શકતો.

ખરેખર તો મનુષ્ય પોતે જ પોતાનો ગુરુ છે—'**આત્મનો ગુરુરાત્મૈવ પુરુષસ્ય વિશેષતઃ**' (શ્રીમદ્ભા૦ ૧૧ । ૭ । ૨૦). એટલા માટે ઉપદેશ પોતાને જ દેવો. બીજામાં કમી ન જોઈને પોતાનામાં જ કમી જોવી અને તેને દૂર કરવાની ચેષ્ટા કરવી. તે પોતે જ પોતાનો ગુરુ બને, પોતે જ પોતાનો નેતા બને અને પોતે જ પોતાનો શાસક બને. તાત્પર્ય થયું કે વાસ્તવમાં કલ્યાણ ન ગુરુથી થાય છે અને ન ઈશ્વરથી જ થાય છે, બલકે આપણી સાચી લગનીથી થાય છે. પોતાની લગનીના વિના ભગવાન પણ કલ્યાણ નથી કરી શકતા. જો કરી દેતા તો આપણે આજ સુધી કલ્યાણથી વંચિત કેમ રહેત ? ન તો ગુરુનો અભાવ છે, ન સંત-મહાત્માઓનો અભાવ છે અને ન ભગવાનનો અભાવ છે. અભાવ આપણી લગનીનો છે. કલ્યાણની પ્રાપ્તિ ન ગુરુને આધીન છે, ન સંત-મહાત્માઓને આધીન છે અને ન ભગવાનને આધીન છે. એ તો પોતાને જ આધીન છે. જ્યારે આપણી લગનીના વિના સર્વશક્તિમાન ભગવાન પણ આપણું કલ્યાણ નથી કરી શકતા, તો પછી મનુષ્યમાં કેટલી શક્તિ છે કે આપણું


કલ્યાણ કરી દે ? આપણી લગની નહિ હશે તો લાખો-કરોડો ગુરુ બનાવી લઈએ તોપણ કલ્યાણ નહિ થશે. જો આપણા હૃદયની સાચી લગની હશે તો ગુરુ પણ મળી જશે, સંત પણ મળી જશે, ભગવાન પણ મળી જશે, સારાં પુસ્તકો પણ મળી જશે, જ્ઞાન પણ મળી જશે. કઈ રીતે મળશે, કેવી રીતે મળશે—એ ભગવાન જાણે. ફળ પાકીને તૈયાર થાય છે તો પોપટ આવીને જાતે તેને ચાંચ મારે છે. એવી જ રીતે આપણે સાચા શિષ્ય બની જઈએ તો સાચા ગુરુ જાતે આપણી પાસે આવશે. શિષ્યને ગુરુની જેટલી જરૂરિયાત રહે છે, તેનાથી વધારે જરૂરિયાત ગુરુને ચેલાની રહે છે ! આપણી લગની સાચી હશે તો કોઈ કપટી-ગુરુ પણ મળી જશે તો ભગવાન છોડાવી દેશે. આપણને કોઈ અટકાવી શકશે નહિ. જેની ભીતર પોતાના ઉદ્ધારની લગની હોય છે, તે કોઈ ઠેકાણે અટકતો (ફસાતો) નથી—આ નિયમ છે. સાચા જિજ્ઞાસુને સાચો સત્સંગ મળી જાય તો તે તેને ઝટ પકડી લે છે.

જો તમે તમારો ઉદ્ધાર ચાહો છો તો તેમાં વિઘ્ન કોણ કરી શકે છે ? અને તમે તમારો ઉદ્ધાર નથી ચાહતા તો તમારો ઉદ્ધાર કોણ કરી શકે છે ? ગમે તેટલા સારા ગુરુ હોય, સંત હોય, પણ તમારી ઇચ્છા વિના કોઈ તમારો ઉદ્ધાર નથી કરી શકતું. જો તમે તમારા ઉદ્ધારને માટે તૈયાર થઈ જાઓ તો સંત-મહાત્મા જ નહિ, ચોર-ડાકુ પણ તમારી મદદ કરશે, દુષ્ટ પણ તમારી સેવા કરશે, સિંહ, સાપ વગેરે પણ તમારી સેવા કરશે ! એટલું જ નહિ, દુનિયામાત્ર તમારી સેવા કરવાવાળી થઈ જશે. મેં એવું ઘણીવાર જોયું છે કે જો સાચા હૃદયથી ભગવાનમાં લાગેલ વ્યક્તિને કોઈ દુઃખ આવે છે તો તે દુઃખ પણ તેમની ઉન્નતિમાં સહાયક થઈ જાય છે ! બીજો તો તેને દુઃખ આપવાની દાનતથી કામ કરે છે, પણ તેનું ભલું થઈ જાય છે! એટલું જ નહિ, જે ભગવાનને નથી માનતો, તેનામાં પણ જો પોતાના કલ્યાણની

લગની પેદા થઈ જાય તો તેનું પણ કલ્યાણ થઈ જાય છે.

ધનિક માણસ કામ કરવાને માટે નોકર રાખી લે છે, પૂજન કરવાને માટે બ્રાહ્મણ રાખી લે છે, પણ ભોજન કરવા અને દવા લેવાને માટે કોઈ નોકર યા બ્રાહ્મણ નથી રાખતા. ભૂખ લાગવાથી ભોજન જાતે જ કરવું પડે છે. રોગી થવાથી દવા જાતે જ લેવી પડે છે. જ્યારે રોટલી પણ જાતે ખાવાથી ભૂખ મટે છે, દવા પણ જાતે લેવાથી રોગ મટે છે, તો પછી કલ્યાણ પોતાની લગનીના વિના કેવી રીતે થઈ જશે ? તમે તત્પરતાથી ભગવાનમાં લાગી જાઓ તો ગુરુ, સંત, ભગવાન—બધા તમારી મદદ કરવાને માટે તૈયાર છે, પણ કલ્યાણ તો જાતે જ કરવું પડશે. એટલા માટે ગુરુ આપણું કલ્યાણ કરી દેશે—એ પૂરી ઠગાઈ છે !

મા ગમે તેટલી દયાળુ કેમ ન હોય, પણ તમારી ભૂખ નહિ હોય તો તે ભોજન કેવી રીતે કરાવશે ? એવી જ રીતે તમારામાં તમારા કલ્યાણની ઉત્કંઠા ન હોય તો ભગવાન પરમ દયાળુ હોવા છતાં પણ શું કરશે ? વસ્ત્રાહરણને સમયે દ્રૌપદીએ ભગવાનને પોકાર્યા તો તેઓ વસ્ત્રરૂપે પ્રગટ થઈ ગયા, પણ જુગારમાં હારવાના સમયે યુધિષ્ઠિરે ભગવાનને પોકાર્યા જ નહિ તો તેઓ કેવી રીતે આવે ? યુધિષ્ઠિર તેર વર્ષો સુધી વનમાં દુઃખ પામ્યા. કુંતી માતાએ ભગવાને શ્રીકૃષ્ણને કહ્યું કે "કનૈયા ! શું તને પાંડવો પર દયા નથી આવતી?" ભગવાને કહ્યું કે "હું શું કરું, યુધિષ્ઠિર જુગારમાં રાજ્ય, ધન-સંપત્તિ વગેરે સર્વ કાંઈ લગાડી દીધું, પણ મને યાદ જ નથી કર્યો !"



ભગવાન સૌના ગુરુ છે

ભગવાન જગતના ગુરુ છે—

'કૃષ્ણં વન્દે જગદ્ગુરુમ્'

'જગદ્ગુરું ચ શાશ્વતમ્' (માનસ, અરણ્ય૦ ૪ । ૯)

તેઓ માત્ર ગુરુ જ નહિ, બલકે ગુરુઓના પણ પરમ ગુરુ છે—

'સ ઈશઃ પરમો ગુરોર્ગુરુઃ' (શ્રીમદ્ભા૦ ૮ । ૨૪ । ૪૮)

'ત્વમસ્ય પૂજ્યશ્ચ ગુરુર્ગરીયાન્' (ગીતા ૧૧ । ૪૩)

રાજા સત્યવ્રત ભગવાનને કહે છે—

અચક્ષુરન્ધસ્ય યથાગ્રણીઃ કૃત-
સ્તથા જનસ્યવિદુષોઅબુધો ગુરુઃ ।
ત્વમર્કદૃક્ સર્વદૃશાં સમીક્ષણો
વૃતો ગુરુર્નઃ સ્વગતિં બુભુત્સતામ્ ॥

(શ્રીમદ્ભા૦ ૮ । ૨૪ । ૫૦)

'જેમ કોઈ આંધળો આંધળાને જ પોતાનો માર્ગદર્શક બનાવી લે, તેવી જ રીતે અજ્ઞાની જીવ અજ્ઞાનીને જ પોતાનો ગુરુ બનાવી લે છે. તમે સૂર્યના સમાન સ્વયં પ્રકાશ અને સઘળી ઇન્દ્રિયોના પ્રેરક છો. અમે આત્મતત્ત્વના જિજ્ઞાસુ તમને જ ગુરુના રૂપમાં પસંદ કરીએ છીએ.'

ભક્તરાજ પ્રહ્લાદજી કહે છે—

શાસ્તા વિષ્ણુરશેષસ્ય જગતો યો હૃદિ સ્થિતઃ ।
તમૃતે પરમાત્માનં તાત કઃ કેન શાસ્યતે ॥

(વિષ્ણુપુરાણ ૧ । ૧૭ । ૨૦)

'હૃદયમાં સ્થિર ભગવાન વિષ્ણુ જ તો સકળ જગતના ઉપદેશક

છે. હે તાત ! એ પરમાત્માને છોડીને બીજું કોણ કોને કાંઈ શીખવી શકે છે ? નથી શીખવી શકતું.'

ભગવાન જગતના ગુરુ છે અને આપણે પણ જગતની અંદર જ છીએ. એટલા માટે વાસ્તવમાં આપણે ગુરુથી રહિત નથી. આપણે અસલી મહાન ગુરુના શિષ્ય છીએ. કળિયુગી ગુરુઓથી તો મોટો ખતરો છે, પણ જગદ્‌ગુરુ ભગવાનથી કોઈ નુકસાન નથી. નર્યો લાભ જ લાભ છે, નુકસાન છે જ નહિ. એટલા માટે ભગવાનને ગુરુ માનવા અને તેમની ગીતાને વાંચવી, તેના મુજબ પોતાનું જીવન બનાવીએ તો આપણું નિશ્ચિતરૂપે કલ્યાણ થઈ જશે. કૃષ્ણ, રામ, શંકર, હનુમાન, ગણેશ, સૂર્ય વગેરે કોઈને પણ પોતાના ગુરુ માની શકીએ છીએ. ગજેન્દ્રે કહ્યું હતું—

યઃ કશ્ચનેશો બલિનોઽન્તકોરગાત્
પ્રચણ્ડવેગાદભિધાવતો ભૃશમ્ ।
ભીતં પ્રપન્નં પરિપાતિ યદ્‌ભયા-
ન્મૃત્યુઃ પ્રધાવત્યરણં તમીમહિ ॥

(શ્રીમદ્‌ભા૦ ૮ । ૨ । ૩૩)

'જે કોઈ ઈશ્વર પ્રચંડ વેગથી દોડતા રહીને અત્યંત બળવાન કાળરૂપી સાપથી ભયભીત થઈ શરણમાં આવેલાની રક્ષા કરે છે અને જેનાથી ભયભીત થઈ મૃત્યુ પણ દોડી રહ્યું છે, તેનું હું શરણું ગ્રહણ કરું છું.'

ગજેન્દ્રના કથનનું તાત્પર્ય છે કે ઈશ્વર કેવો છે, તેનું નામ શું છે—એ બધું હું નથી જાણતો, પણ જે કોઈ ઈશ્વર છે, તેનું હું શરણું લઉં છું. આવી રીતે આપણે પણ ઈશ્વરને શરણે થઈ જઈએ તો તે ગુરુ મોકલી દેશે અથવા સ્વયં જ ગુરુ થઈ જશે.

આપણે ભગવાનના અંશ છીએ—**'મમૈવાંશો જીવલોકે'** (ગીતા ૧૫ । ૭); તેથી આપણા ગુરુ, માતા, પિતા વગેરે બધું તેઓ જ છે. વાસ્તવમાં આપણે ગુરુથી સંબંધ નથી જોડવાનો, બલકે ભગવાનથી જ સંબંધ જોડવાનો છે. સાચો ગુરુ તે જ હોય છે, જે ભગવાનની સાથે સંબંધ જોડી દે. ભગવાનની સાથે સંબંધ જોડવાને માટે કોઈ પાસેથી સલાહ લેવાની જરૂરત નથી. ભગવાનની સાથે જીવમાત્રનો સ્વતંત્ર સંબંધ છે. તેમાં કોઈ દલાલની જરૂર નથી. આપણે પહેલાં ગુરુ બનાવીશું, પછી ગુરુ આપણો સંબંધ ભગવાનની સાથે જોડે તો ભગવાન આપણાથી એક પેઢી દૂર થઈ ગયા ! આપણે પહેલાંથી જ સીધો ભગવાનની સાથે સંબંધ જોડી લઈએ તો વચમાં દલાલની જરૂર જ નથી. મુક્તિ આપણા ન ચાહવાથી પણ જબરજસ્તી આવશે—

અતિ દુર્લભ કૈવલ્ય પરમ પદ । સંત પુરાન નિગમ આગમ બદ ॥
રામ ભજત સોઇ મુકુતિ ગોસાઈં । અનઇચ્છિત આવઇ બરિઆઈં ॥

(માનસ, ઉત્તર૦ ૧૧૯ । ૨)

એટલા માટે બગવાન ગીતામાં કહે છે—

મન્મના ભવ મદ્‌ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।

(ગીતા ૯ । ૩૪, ૧૮ । ૬૫)

'તું મારો ભક્ત થઈ જા, મારામાં મનવાળો થઈ જા, મારું પૂજન કરવાવાળો થઈ જા અને મને નમસ્કાર કર.'

સર્વ ધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।

(ગીતા ૧૮ । ૬૬)

'સઘળા ધર્મોનો આશ્રય છોડીને તું માત્ર મારા શરણે આવી જા.'

ભગવાન ગુરુ નહિ બનીને પોતાના શરણમાં આવવાને માટે કહે છે.



જગદ્ગુરુ ભગવાનની ઉદારતા

ભગવાનમાં અનંત ગુણ છે. જેનો કોઈ પાર પામી શકતું નથી. આજ સુધી ભગવાનના ગુણોનું જેટલાં શાસ્ત્રોમાં વર્ણન થયું છે, જેટલું મહાત્માઓએ વર્ણન કર્યું છે. તે બધેબધું મળીને પણ અધૂરું છે. ભગવાનના પરમ ભક્ત ગોસ્વામીજી મહારાજ પણ કહે છે— **'રામુ ન સકહિં નામ ગુન ગાઈ'** (માનસ, બાલ० ૨૬ । ૪). સંતોની વાણીમાં પણ આવ્યું છે કે પોતાની શક્તિને ખુદ ભગવાન પણ નથી જાણતા ! આવા અનંત ગુણોવાળા ભગવાનમાં ઓછામાં ઓછા ત્રણ મુખ્ય છે—સર્વજ્ઞતા, સર્વસમર્થતા અને સર્વસુહૃત્તા. તાત્પર્ય છે કે ભગવાનના જેવું કોઈ સર્વજ્ઞ નથી, કોઈ સર્વસમર્થ નથી અને કોઈ સર્વસુહૃદ્ (પરમ દયાળુ) નથી. આવા ભગવાનના હોવા છતાં પણ તમે દુઃખ પામી રહ્યા છો. તમારી મુક્તિ નથી થઈ રહી તો શું ગુરુ તમને મુક્ત કરી દેશે ? શું ગુરુ ભગવાનથી પણ વધારે સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને દયાળુ છે ? નરી ઠગાઈ સિવાય કાંઈ નહિ હશે ! જ્યાં સુધી તમારી ભીતર પોતાના કલ્યાણની લાલસા જાગ્રત નહિ થશે, ત્યાં સુધી ભગવાન પણ તમારું કલ્યાણ નથી કરી શકતા, પછી ગુરુ કેવી રીતે કરી દેશે ?

તમને ગુરુમાં, સંત-મહાત્મામાં જે વિશેષતા દેખાય છે, તે પણ તેમની પોતાની વિશેષતા નથી, બલકે ભગવાનથી આવેલી અને તમારી માનેલી છે. જેમ કોઈ પણ મીઠાઈ બનાવે, તેમાં મીઠાશ ખાંડની જ હોય છે, એવી જ રીતે જ્યાં પણ વિશેષતા દેખાય છે, તે બધી ભગવાનની જ હોય છે. ભગવાને ગીતામાં પણ કહ્યું છે—

યદ્યદ્વિભૂતિમત્સત્ત્વં શ્રીમદૂર્જિતમેવ વા ।
તત્તદેવાવગચ્છ ત્વં મમ તેજોંऽશસમ્ભવમ્ ॥

(૧૦ । ૪૧)

'જે જે ઐશ્વર્યયુક્ત, શોભાયુક્ત અને બળયુક્ત પ્રાણી તથા પદાર્થ

છે, તેને તું મારા જ તેજ (યોગ અથવા સામર્થ્ય)ના અંશથી ઉત્પન્ન થયેલા સમજ.'

ભગવાનનો વિરોધ કરવાવાળા રાક્ષસોને પણ ભગવાનથી જ બળ મળે છે.* તો શું ભગવાનનું ભજન કરવાવાળાઓને ભગવાન પાસેથી બળ નહિ મળશે ? તમે ભગવાનના સન્મુખ થઈ જાઓ તો કરોડો જન્મોનાં પાપ નાશ થઈ જશે.† પણ તમે સન્મુખ જ નહિ થશો તો પાપ કેવી રીતે નષ્ટ થશે? ભગવાન પોતાના શત્રુઓને પણ શક્તિ આપે છે, પ્રેમીઓને પણ શક્તિ આપે છે અને ઉદાસીનોને પણ શક્તિ આપે છે. ભગવાનની રચેલી પૃથ્વી દુષ્ટ-સજ્જન, આસ્તિક-નાસ્તિક, પાપી-પુણ્યાત્મા સૌને રહેવાનું સ્થાન આપે છે. તેમનું બનાવેલું અન્ન સૌની ભૂખ મટાડે છે. તેમનું બનાવેલું જળ સૌની તરસ છિપાવે છે. તેમની બનાવેલી હવા સૌને શ્વાસ આપે છે. દુષ્ટમાં દુષ્ટ, પાપીમાં પાપી માટે પણ ભગવાનની દયાળુતા સમાન છે. આપણે ઘરમાં વીજળીનો એક ગોળો પણ લગાડીએ છીએ તો તેનું ભાડું આપવું પડે છે, પણ ભગવાને બનાવેલા સૂર્ય અને ચંદ્રએ કદી ભાડું માંગ્યું છે ? પાણીને માટે એક નળ લગાડીએ છીએ તો રૂપિયા લાગે છે, પણ ભગવાનની બનાવેલી નદીઓ રાત-દિવસ વહી રહી છે, શું કોઈએ તેના રૂપિયા માગ્યા છે ? રહેવાને માટે થોડી પણ જમીન લઈએ તો તેના રૂપિયા દેવા પાડે છે, પણ ભગવાને રહેવાને માટે આટલી મોટી પૃથ્વી આપી દીધી, શું તેનું ભાડું માગ્યું છે ? જો તેનું ભાડું માગે તેર કોઈમાં આપવાની તાકાત છે ? જેની બનાવેલી સૃષ્ટિ પણ આટલી ઉદાર છે, તે પોતે કેટલો ઉદાર હશે !

---

* હનુમાનજી રાવણને કહે છે—

જાકે બલ લવલેસ તેં જિતેહુ ચરાચર ઝારિ ।
તાસુ દૂત મૈં જા કરિ હરિ આનેહું પ્રિય નારિ ।।
(માનસ, સુંદર૦ ૨૧)

†સનમુખ હોઇ જીવ મોહિ જબહીં । જન્મ કોટિ અઘ નાસહિં તબહીં ।।
(માનસ, સુંદર૦ ૪૪ । ૧)

એક કથા આવે છે. એક સજ્જને એકાદશીનું વ્રત કર્યું. દ્વાદશીના દિવસે કોઈને ભોજન કરાવીને પારણાં કરવાના હતા, પણ કોઈ મળ્યું નહિ. વરસાદ થઈ રહ્યો હતો. શોધતાં શોધતાં આખરે એક ઘરડો સાધુ મળી ગયો. તેમને ભોજનને માટે ઘરે બોલાવ્યા. તેમને બેસાડીને તેમની સામે ભોજનની પતરાળી પીરસી તો તે સાધુ ઝટ ખાવા લાગી ગયા. તે સજ્જને કહ્યું કે "મહારાજ, તમે ભગવાનને ભોગ તો ધરાવ્યો જ નહિ !" તે સાધુ બોલ્યો કે "ભગવાન શું હોય છે? તું તો મૂર્ખ છે, સમજતો નથી." આ સાંભળતાં જ પેલા સજ્જને પતરાળી ખેંચી લીધી અને બોલ્યા કે "ભગવાન કાંઈ નથી હોતા તો તુ કોણ છે ? અમે ભગવાનને સંબંધે જ તો તેમને ભોજન કરાવીએ છીએ." તે જ સમયે આકાશવાણી થઈ કે, "અરે ! મારી નિંદા કરતા-કરતા આ સાધુ ઘરડો થઈ ગયો, પણ હજુ સુધી હું એને ભોજન આપી રહ્યો છું, તું એક સમય પણ ભોજન નથી આપી શકતો અને મારો ભક્ત કહેવાય છે ! જો હું ભોજન ન આપું તો આ કેટલા દિવસ જીવે ?" આકાશવાણી સાંભળીને તેમને ઘણી શરમ આવી અને પછી તે સાધુની માફી માગીને તેને પ્રેમપૂર્વક ભોજન કરાવ્યું.

ઐસો કો ઉદાર જગ માહીં ।
બિનુ સેવા જો દ્રવૈ દીન પર રામ સરિસ કોઉ નાહીં ॥

(વિનયપત્રિકા ૧૬૨)

આવા પરમ ઉદાર ભગવાનના રહેતા હોવા છતાં આપણે દુઃખ પામી રહ્યા છીએ અને ગુરુજી આપણને સુખી કરી દેશે, આપણો ઉદ્ધાર કરી દેશે—એ કેટલી ઠગાઈ છે ! પોતાના ઉદ્ધારને માટે આપણે પોતે તૈયાર થઈ જઈએ, બસ, એટલી જ જરૂરત છે.

ભગવાન મહાન દયાળુ છે. તેઓ સૌના જીવન-નિર્વાહનો પ્રબંધ કરે છે તો શું કલ્યાણનો પ્રબંધ નહિ કરશે ? એટલા માટે તમે સાચા

હૃદયથી પોતાના કલ્યાણની ચાહના વધારો અને ભગવાનને પ્રાર્થના કરો કે 'હે નાથ ! મારું કલ્યાણ થઈ જાય, મારો ઉદ્ધાર થઈ જાય. હું નથી જાણતો કે કલ્યાણ શું હોય છે, પણ હું કોઈ પણ જગાએ ફસાઉં નહિ, સદાને માટે સુખી થઈ જાઉં. હે નાથ ! હું શું કરું ?' ભગવાન સાચી પ્રાર્થના જરૂર સાંભળે છે—

સચ્ચે હૃદયસે પ્રાર્થના, જબ ભક્ત સચ્ચા ગાય હૈ ।
તો ભક્તવત્સલ કાન મેં, વહ પહુઁચ ઝટ હી જાય હૈ ॥

આપણને આપણા કલ્યાણની જેટલી ચિંતા છે, તેનાથી વધારે ભગવાનને અને સંત-મહાત્માઓને ચિંતા છે ! બાળકને પોતાની જેટલી ચિંતા હોય છે, તેનાથી વધારે માને ચિંતા થાય છે, પણ બાળક આ વાતને સમજતું નથી.

હેતુ રહિત જગ જુગ ઉપકારી । તુમ્હ તુમ્હાર સેવક અસુરારી ॥


(માનસ, ઉત્તર૦ ૪૭ । ૩)

જે સાચા હૃદયથી ભગવાનની તરફ ચાલે છે, તેની સહાયતાને માટે બધા સંત-મહાત્મા ઉત્કંઠિત રહે છે. સંતોના હૃદયમાં સૌના કલ્યાણને માટે અપાર દયા ભરેલી રહે છે. બાળક ભૂખ્યું હોય તો તેને ખવડાવવાનો ભાવ કોના મનમાં નથી આવતો ?

જો કોઈ સાચા હૃદયથી પોતાનું કલ્યાણ ચાહે છે તો ભગવાન જરૂર તેનું કલ્યાણ કરે છે. ભગવાનના જેવું આપણું હિત કરવાવાળા ગુરુ પણ નથી—

ઉમા રામ સમ હિત જગ માહીં । ગુરુ પિતુ માતુ બંધુ પ્રભુ નાહીં ॥
સુર નર મુનિ સબ કૈ યહ રીતી । સ્વારથ લાગિ કરહિં સબ પ્રીતી ॥

(માનસ, કિષ્કિંધા૦ ૧૨ । ૧)



ગુરુ–વિષયક પ્રશ્નોત્તર

પ્રશ્ન—ગુરુના વિના ઉદ્ધાર કેવી રીતે થશે; કેમ કે રામાયણમાં આવ્યું છે—**'ગુર બિનુ ભવ નિધિ તરઇ ન કોઈ'** (માનસ, ઉત્તર૦ ૯૩ । ૩) ?

ઉત્તર—તે જ રામાયણમાં આ પણ આવ્યું છે—

ગુર સિષ બધિર અંધ કા લેખા । એક ન સુનઇ એક નહિં દેખા ।।
હરઇ સિષ્ય ધન સોક ન હરઈ । સો ગુર ઘોર નરક મહુઁ પરઈ ।।

(માનસ, ઉત્તર૦ ૯૯ । ૩-૪)

આશય એ છે કે બનાવટી ગુરુથી ઉદ્ધાર નહિ થશે, બનાવેલો ગુરુ કાંઈ કામ નહિ આપશે. કોઈ ને કોઈ સંતની વાત માનશો, ત્યારે ઉદ્ધાર થશે અને જેની વાત માનવાથી ઉદ્ધાર થશે, તે જ આપણો ગુરુ હશે. શ્રીમદ્દ્ભાગવતના અગિયારમા સ્કંધમાં દત્તાત્રેયજીએ પોતાના ચોવીસ ગુરુઓનું વર્ણન કર્યું છે. આશય એ છે કે મનુષ્ય કોઈની પણ પાસેથી બોધ લઈને પોતાનો ઉદ્ધાર કરી શકે છે. તેથી ગુરુ બનાવવાની જરૂરત નથી, બલકે બોધ લેવાની જરૂરત છે. જેનો બોધ લેવાથી, જેની વાત માનવાથી આપણો ઉદ્ધાર થઈ જાય, તે ગુરુ બનાવ્યા વિના પણ ગુરુ થઈ ગયા. જો વાત ન માની તો ગુરુ બનાવવા છતાં પણ કલ્યાણ થશે નહિ, ઊલટું પાપ થશે, અપરાધ થશે.

આજકાલ એક સાથે કેટલાય લોકોને દીક્ષા આપી દે છે અને સામૂહિક રૂપે બધાને પોતાના ચેલા બનાવી દે છે, ન તો ગુરુમાં ચેલાઓના કલ્યાણની ચિંતા હોય છે અને ન ચેલાઓમાં પોતાના કલ્યાણની લગની હોય છે. ગુરુ ચેલાઓનું કલ્યાણ કરી શકતા નથી અને ચેલાઓ બીજી જગાઓ જઈ શકતા નથી. તેથી ચેલા બનાવીને

ઊલટા પેલા લોકોના કલ્યાણમાં મુશ્કેલી કરી દીધી !

પ્રશ્ન—એ વાત પ્રચલિત છે કે નુગરાનું કલ્યાણ નથી થતું. તેથી ગુરુ બનાવવા જરૂરી થયું ?

ઉત્તર—જેને ભલાઈ-બૂરાઈનું જ્ઞાન છે, તે નુગરો કેવી રીતે થયો ? ભલાઈ-બૂરાઈનું જ્ઞાન (વિવેક) બધામાં છે. ભગવાનનું નામ લેવું જોઈએ, તેમનું સ્મરણ કરવું જોઈએ, કોઈને પણ દુઃખ નહિ દેવું જોઈએ વગેરે વાતો બધા જાણે છે. આ વાતોનું જ્ઞાન તેમને જેનાથી થયું, તે ગુરુ થઈ ગયો, ચાહે તેમને જાણીએ યા ન જાણીએ, માનીએ યા ન માનીએ.

જેણે ગુરુ તો બનાવી લીધા, પણ તેમની વાત નહિ માની, તે જ નુગરો હોય છે. તેને અપરાધ લાગે છે. જેણે ગુરુ બનાવ્યા જ નથી, તેને અપરાધ કેવી રીતે લાગશે ?

ગુરુ બનાવવાથી કલ્યાણ થઈ જ જશે—એવું કોઈ વિધાન નથી. કલ્યાણ પોતાની લગનીથી થાય છે, ગુરુ બનાવવાથી નહિ.

ભગવાન જગતના ગુરુ છે— '**કૃષ્ણં વન્દે જગદ્‌ગુરુમ્** ।' તમે જગતથી બહાર નથી, પછી તમે નુગરા કેવી રીતે થયા ? એટલા માટે સારા મહાત્માઓનો સત્સંગ કરો, તેમની વાતોને ઉપયોગમાં લો. ગુરુ-શિષ્યનો સંબંધ જોડવો યોગ્ય નથી. વાસ્તવમાં જે જીવન્મુક્ત, તત્ત્વજ્ઞ, ભગવત્પ્રેમી મહાત્મા હોય છે, તેઓ કલ્યાણની વાત તો બતાવે છે, પણ ચેલા નથી બનાવતા. તેમને ગુરુ બનાવ્યા વિના તેમની જેટલી વાતો માનશો તેટલો લાભ અવશ્ય થશે જ અને કોઈ વાતને નહિ માનશો તો પાપ નહિ લાગશે. પરંતુ ગુરુ બનાવીને વાત નહિ માનશો તો પાપ જ નહિ, અપરાધ લાગશે.

પ્રશ્ન—કહે છે કે ગુરુ પાસેથી મંત્ર લેવાથી તે મંત્રમાં શક્તિ આવે છે ?

ઉત્તર—મંત્ર દેવાવાળામાં શક્તિ હશે, ત્યારે તો તેના દીધેલા મંત્રમાં શક્તિ આવશે. જેના પોતાનામાં શક્તિ નહિ હોય, તેના

દીધેલા મંત્રમાં શક્તિ કેવી રીતે આવશે ? એટલા માટે કહ્યું છે—

વચન આગલે સન્ત કા, હરિયા હસ્તી દન્ત ।
તાખ ન ટૂટે ભરમ કા, સૈંધે હી બિનુ સન્ત ॥

એટલે કે અનુભવી સંતનું વચન હાથી-દાંતની માફક હોય છે, જે અજ્ઞાનરૂપી દ્વારને તોડી દે છે. હાથી પોતાના દાંતોથી કિલ્લાનું દ્વાર તોડી નાખે છે. પરંતુ હાથીના વિના માત્ર તેના દાંતોથી કોઈ દ્વાર તોડવા ચાહે તો નથી તોડી શકતું. કારણ કે વાસ્તવમાં શક્તિ હાથીમાં છે, માત્ર તેના દાંતોમાં નહિ. એવી જ રીતે શક્તિ સંતના અનુભવવામાં છે, માત્ર તેનાં વચનોમાં નથી.

આજકાલ ગુરુ બનવાનો, પોતાના સંપ્રદાયની ટોળી બનાવવાનો શોખ તો છે, પણ જીવનું કલ્યાણ થઈ જાય—એ તરફ ખ્યાલ ઓછો છે. પોતાના સંપ્રદાય મુજબ મંત્ર આપવાથી પોતાની ટોળી તો બની જાય છે, પણ તત્ત્વપ્રાપ્તિમાં કઠણાઈ થાય છે. તત્ત્વપ્રાપ્તિ ત્યારે થાય છે, જ્યારે પોતાની શ્રદ્ધા, વિશ્વાસ, રુચિ અને યોગ્યતા મુજબ સાધન કરવામાં આવે. બધી ઉપાસનાઓ બરાબર છે, પણ જે ઉપાસના સ્વાભાવિક હોય છે, તે અસલી હોય છે અને જે કરવામાં આવે છે, તે નકલી હોય છે. આજકાલ સાધન કરવાવાળાઓની સામે મોટી સમસ્યા આવી રહી છે. ગુરુજીએ કૃષ્ણ-મંત્ર આપી દીધો, પણ આપણું મન લાગે છે રામ-મંત્રમાં, હવે શું કરવું ? આ બાબતમાં મારી પ્રાર્થના છે કે જો તમારી રુચિ, શ્રદ્ધા-વિશ્વાસ રામ-મંત્રમાં છે, તો રામ-મંત્રનો જપ કરવો જોઈએ. ગુરુજીએ બીજો મંત્ર બતાવ્યો છે તો એક માળા તેની જપી શકો છો, પણ અન્ય સમયે પોતાની રુચિવાળો મંત્ર જ જપવો જોઈએ. ઉપાસના તે જ સિદ્ધ થાય છે, જેમાં સ્વતઃ-સ્વાભાવિક રુચિ હોય છે. ઉપરથી ભરેલી ઉપાસના જલદી સિદ્ધ નથી થતી.

જે મંત્રમાં તમારો શ્રદ્ધાભાવ વધારે હશે, તે મંત્રમાં આપમેળે શક્તિ આવી જશે. કારણ કે મૂળમાં શક્તિ પરમાત્માની છે, કોઈ વ્યક્તિની નથી. અગસ્ત્ય, વિશ્વામિત્ર વગેરે મોટા મોટા ઋષિ-મુનિઓમાં જે શક્તિ હતી, તે તેમને ગુરુ દ્વારા મળી ન હતી, બલકે પોતાની તપસ્યા વગેરેને કારણે ભગવાન પાસેથી મળી હતી. ભગવાનની શક્તિ સર્વત્ર છે, નિત્ય છે અને બધાને માટે છે. તેમાં કોઈનો પક્ષપાત નથી; જે ચાહે, તે શક્તિને પ્રાપ્ત કરી શકે છે.

પ્રશ્ન—ગુરુના વિના કુંડલિની કેવી રીતે જાગશે ?

ઉત્તર—કુંડલિની જાગવાથી પરમાત્માની પ્રાપ્તિ નથી થતી, કલ્યાણ નથી થતું. કોઈ સૂઈ રહેલી સાપણીને છંછેડી દે તો શું મુક્તિ થઈ જશે ? શ્રીશરણાનંદજી મહારાજને કોઈએ પૂછ્યું કે, "કુડલિનીના વિષયમાં તમે શું જાણો છો ?" તેમણે ઉત્તર આપ્યો કે, "હું એ જાણું છું કે કુંડલિની સાથે અમારો સંબંધ નથી. કુંડલિની સૂતેલી રહે અથવા જાગી જાય, તેની સાથે અમારે શું મતલબ ? કુંડલિની શરીરમાં છે, સ્વરૂપમાં નથી. તેથી કુંડલિનીના જાગવાથી સાધક શરીરથી અતીત કેવી રીતે થશે ? શરીરથી અતીત થયા વિના કલ્યાણ કેવી રીતે થશે ? કલ્યાણ તો સર્વથા સંબંધ-વિચ્છેદ થવાથી જ થાય છે.

પ્રશ્ન—કેટલાક લોકોને ગુરુ દ્વારા કુંડલિની-જાગરણ વગેરેની અલૌકિક અનુભૂતિઓ થાય છે, તે શું છે ?

ઉત્તર—તે ચમત્કાર તો થાય છે, પણ તેનાથી કલ્યાણ નથી થતું. કલ્યાણ તો જડતા (શરીર-સંસાર)થી ઊંચે ઊઠવાથી જ થાય છે.

પ્રશ્ન—અમે ગુરુ પાસેથી કંઠી તો લઈ લીધી, પણ હવે તેમનામાં શ્રદ્ધા નથી રહી તો શું કંઠી તેમને પાછી પરત કરી દેવી ?

ઉત્તર—કંઠી પાછી આપવાને માટે હું કદી નથી કહેતો. હું એવી જ સંમતિ આપું છું કે દરરોજ એક માળા ગુરુ-મંત્રની ફેરવી લો અને બાકી સમયમાં જેમાં શ્રદ્ધા હોય, તે મંત્રનો જપ કરો અને સત્સંગ-સ્વાધ્યાય કરો.

પ્રશ્ન—પહેલાં ગુરુ બનાવી લીધા, પણ હવે તેમનામાં શ્રદ્ધા નથી રહી તો તેમનો ત્યાગ કરવાથી પાપ નહિ લાગશે ?

ઉત્તર—જ્યારે તમારા મનમાં ગુરુને છોડવાની ઇચ્છા થઈ ગઈ, તેમનાથી શ્રદ્ધા હટી ગઈ તો ગુરુનો ત્યાગ થઈ જ ગયો. એટલા માટે તે ગુરુની નિંદા પણ ન કરો અને તેની સાથે સંબંધ પણ ન રાખો.

જેનામાં રૂપિયાનો લોભ હોય, સ્ત્રીઓમાં મોહ હોય, કર્તવ્ય-અકર્તવ્યનું જ્ઞાન ન હોય, ખરાબ રસ્તા પર ચાલતા હોય, એવા ગુરુનો ત્યાગ કરવામાં કોઈ પાપ, દોષ નથી લાગતો. શાસ્ત્રોમાં એવા ગુરુનો ત્યાગ કરવાની વાત આવે છે—

ગુરોરપ્યવલિપ્તસ્ય કાર્યાકાર્યમજાનતઃ ।
ઉત્પથપ્રતિપન્નસ્ય પરિત્યાગો વિધીયતે ॥*

(મહાભારત, ઉદ્યોગ૦ ૧૭૮ । ૪૮)

'જો ગુરુ પણ ઘમંડમાં આવીને કર્તવ્ય અને અકર્તવ્યનું જ્ઞાન ખોઈ બેસે અને કુમાર્ગ પર ચાલવા લાગે તો તેનો પણ ત્યાગ કરી દેવાનું વિધાન છે.'

જ્ઞાનહીનો ગુરુસ્ત્યાજ્યો મિથ્યાવાદી વિકલ્પકઃ ।
સ્વવિશ્રાન્તિં ન જાનાતિ પરશાન્તિં કરોતિ કિમ્ ॥

(સિદ્ધસિદ્ધાન્તસંગ્રહ, ગુરુગીતા)

'જ્ઞાનરહિત, મિથ્યાવાદી અને ભ્રમ પેદા કરવાવાળા ગુરુનો

* આ શ્લોક કિંચિત્ પાઠભેદની સાથે વાલ્મીકિ રામાયણ, પદ્મપુરાણ, સ્કંદપુરાણ વગેરેમાં પણ આવ્યો છે.

ત્યાગ કરી દેવો જોઈએ; કેમ કે જે પોતે શાંતિ પ્રાપ્ત નથી કરી શકતો, તે બીજાઓને શાંતિ કેવી રીતે આપશે ?'

પતિતા ગુરવસ્ત્યાજ્યા માતા ચ ન કથંચન ।
ગર્ભધારણપોષાભ્યાં તેન માતા ગરીયસી ॥

(સ્કંદપુરાણ, મા૦ કૌ૦ ૬ । ૭, મત્સ્યપુરાણ ૨૨૭ । ૧૫૦)

'પતિત ગુરુ પણ તાજ્ય છે, પણ માતા કોઈ પણ પ્રકારે ત્યાજ્ય નથી. ગર્ભકાળમાં ધારણ-પોષણ કરવાને કારણે માતાનું ગૌરવ ગુરુજનોથી પણ વધારે છે.'

પ્રશ્ન—શું સ્ત્રી કોઈને ગુરુ બનાવી શકે છે ?

ઉત્તર—સ્ત્રીએ કોઈને ગુરુ નહિ બનાવવો જોઈએ. જો બનાવ્યો હોય તો છોડી દેવો જોઈએ. સ્ત્રીનો પતિ જ તેનો ગુરુ છે. શાસ્ત્રમાં આવ્યું છે—

ગુરુરગ્નિર્દ્વિજાતીનાં વર્ણાનાં બ્રાહ્મણો ગુરુઃ ।
પતિરેવ ગુરુઃ સ્ત્રીણાં સર્વસ્યાઽભ્યાગતો ગુરુઃ ॥

(પદ્મપુરાણ ૫૧ । ૫૧, બ્રહ્મપુરાણ ૮૦ । ૪૭)

'અગ્નિ દ્વિજાતિઓનો ગુરુ છે, બ્રાહ્મણ ચારેય વર્ણોનો ગુરુ છે, એકમાત્ર પતિ જ સ્ત્રીઓનો ગુરુ છે અને અતિથિ સૌનો ગુરુ છે.'

વૈવાહિકો વિધિઃ સ્ત્રીણાં સંસ્કારો વૈદિકઃ સ્મૃતઃ ।
પતિસેવા ગુરૌ વાસો ગૃહાર્થોઽગ્નિપરિક્રિયા ॥

(મનુસ્મૃતિ ૨ । ૬૭)

'સ્ત્રીઓને માટે વૈવાહિક વિધિનું પાલન જ વૈદિક-સંસ્કાર (યજ્ઞોપવીત), પતિની સેવા જ ગુરુકુળવાસ અને ઘરકામ જ અગ્નિહોત્ર કહેવામાં આવે છે.'

સ્ત્રીએ પતિના સિવાય કોઈ પણ પુરુષ સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ નહિ જોડવો જોઈએ. સ્ત્રીઓને પ્રાર્થના છે કે તેઓ કદી કોઈ

સાધુના ચક્કરમાં ન પડે. આજકાલ ઘણી છેતરપિંડી, દંભ, ઢોંગ થઈ રહ્યા છે. મારી પાસે એવા પત્રો પણ આવે છે અને પીડિત (દુઃખિત) સ્ત્રીઓ પણ આવીને પોતાની વાત સંભળાવે છે, જેથી એવું લાગે છે કે હાલના સમયમાં સ્ત્રીના માટે ગુરુ બનાવવા એટલે કે કોઈ પણ પરપુરુષ સાથે સંબંધ જોડવો અનર્થનું મૂળ છે.

સાધુએ પણ કોઈ સ્ત્રીને ચેલી નહિ બનાવવી જોઈએ. દીક્ષા આપવાના સમયે ગુરુએ શિષ્યના હૃદય વગેરેનો સ્પર્શ કરવો પડે છે, જ્યારે કે સંન્યાસીને માટે સ્ત્રીનો સ્પર્શ કડક નિષેધ છે. શ્રીમદ્ભાગવત્માં આવ્યું છે કે હાડ-માંસમય શરીરવાળી સ્ત્રીનું તો કહેવું જ શું, લાકડાની બનેલી સ્ત્રીનો સ્પર્શ ન કરવો અને હાથથી તો સ્પર્શ કરવો દૂર રહ્યો, પગથી સ્પર્શ ન કરવો—

પદાપિ યુવતીં ભિક્ષુર્ન સ્પૃશેદ્ દારવીમપિ ।

(શ્રીમદ્ભા૦ ૧૧ । ૮ । ૧૧ । ૧૩)

શાસ્ત્રમાં ત્યાં સુધી કહેવામાં આવ્યું છે—

માત્રા સ્વસ્રા દુહિત્રા વા ન વિવિક્તાસનો ભવેત્ ।
બલવાનિન્દ્રિયગ્રામો વિદ્વાંસમપિ કર્ષતિ ॥

(મનુ૦ ૨ । ૨૧૫)

'મનુષ્યે પોતાની માતા, બહેન અથવા દીકરીની સાથે પણ કદી એકાંતમાં ન રહેવું જોઈએ; કેમ કે ઇન્દ્રિયો ઘણી પ્રબળ હોય છે, તેઓ વિદ્વાન મનુષ્યને પણ પોતાની તરફ ખેંચી લે છે.'

સંગં ન કુર્યાત્પ્રમદાસુ જાતુ
યોગસ્ય પારં પરમારુરુક્ષુઃ ।
મત્સેવયા પ્રતિલબ્ધાત્મલાભો
વદન્તિ યા નિરયદ્વારમસ્ય ॥

(શ્રીમદ્ભા૦ ૩ । ૩૧ । ૩૯)

'જે પુરુષ યોગના પરમ પદ પર આરૂઢ થવા ચાહતો હોય અથવા જેને મારી સેવાના પ્રભાવથી આત્માનો વિવેક થઇ ગયો , તે સ્ત્રીઓનો સંગ કદી પણ ન કરે; કેમ કે એને એવા પુરુષોને માટે નરકનો ખુલ્લો દરવાજો બતાવવામાં આવ્યો છે.'

વિશ્વામિત્રપરાશરપ્રભૃતયો વાતામ્બુપર્ણાશના-
સ્તેઽપિ સ્ત્રીમુખપંકજં સુલલિતં દૃષ્ટ્વૈવ મોહં ગતાઃ ।
શાલ્યન્નં સઘૃતં પયોદધિયુતં ભુંજન્તિ યે માનવા-
સ્તેષામિન્દ્રિયનિગ્રહો યદિ ભવેદ્વિન્ધ્યસ્તરેત્સાગરે ॥

(ભર્તૃહરિશતક)

'જેઓ વાયુ-ભક્ષણ કરીને, જળ પીને અને સૂકાં પાંદડાં ખાઈને રહેતા હતા, તે વિશ્વામિત્ર, પરાશર વગેરે પણ સ્ત્રિઓના સુંદર મુખને જોઈને મોહ પામી ગયા, પછી જે લોકો શાલી ધાન્ય(સાંઠી ચોખા)ને ઘી, દૂધ અને દહીંની સાથે ખાય છે, તેઓ જો પોતાની ઇન્દ્રિયોનો નિગ્રહ કરી શકે તો માનો વિંધ્યાચળ પર્વત સમુદ્ર પર તરવા લાગ્યો !'

આવી સ્થિતિમાં જેઓ યુવાન સ્ત્રિઓને પોતાની ચેલી બનાવે છે, તેમને પોતાના આશ્રમમાં રાખે છે, તેમનું સ્વપ્નમાં પણ કલ્યાણ થઈ જશે—આ વાત મને જચતી નથી ! પછી તેના તરફ તમારું ભલું કેવી રીતે થઈ જશે ? માત્ર દગો જ થશે.

પ્રશ્ન—એવું કહે છે કે જીવન્મુક્ત મહાત્મા ભોગ પણ ભોગવે તો તેને દોષ નથી લાગતો. શું આ યોગ્ય છે ?

ઉત્તર—એવું સંભવ જ નથી. જીવન્મુક્ત પણ થઈ જાય અને ભોગ પણ ભોગવતા રહે—આ કોઈ રીતે સંભવ નથી. ભોગ તો સાધનકાળમાં જ છૂટી જાય છે, પછી સિદ્ધપુરુષને ભોગ ભોગવવાની જરૂર શા માટે પડશે ? એવી વાતો દંભી–ઢોંગી લોકો જ પોતાનો

સ્વાર્થ સાધવાને માટે ફેલાવે છે. એટલા માટે રામાયણમાં આવ્યું છે—

મિથ્યારંભ દંભ રત જોઈ । તા કહુઁ સંત કહઇ સબ કોઈ ॥
નિરાચાર જો શ્રુતિ પથ ત્યાગી । કલિજુગ સોઇ ગ્યાની સો બિરાગી ॥

(માનસ ઉત્તર૦ ૯૮ । ૨, ૪)

પર ત્રિય લંપટ કપટ સયાને । મોહ દ્રોહ મમતા લપટાને ॥
તેઇ અભેદબાદી ગ્યાની નર । દેખા મૈં ચરિત્ર કલિજુગ કર ॥

(માનસ ઉત્તર૦ ૧૦૦ । ૧)

બુદ્ધાદ્વૈતસતત્ત્વસ્ય યથેષ્ટાચરણં યદિ ।
શુનાં તત્ત્વદૃશાં ચૈવ કો ભેદોઽશુચિ ભક્ષણે ॥

'જો અદ્વૈત તત્ત્વનું જ્ઞાન થઈ જવાથી પણ યથેચ્છાચાર ચાલુ રહ્યો તો પછી અશુદ્ધવસ્તુ (માંસ-મદિરા વગેરે) ખાવામાં યથેચ્છાચારી તત્ત્વજ્ઞ અને કૂતરામાં ભેદ જ શું રહી ગયો ?'

યસ્તુ પ્રવ્રજિતો ભૂત્વા પુનઃ સેવેત મૈથુનમ્ ।
ષષ્ટિવર્ષસહસ્રાણિ વિષ્ઠાયાં જાયતે કૃમિઃ ॥

(સ્કંદપુરાણ, કાશી૦ પૂ૦ ૪૦ । ૧૦૭)

'જે સંન્યાસ લીધા પછી પાછો સ્ત્રીસંગ કરે છે, તે સાઠ હજાર વર્ષો સુધી નરકનો કીડો થાય છે.'

ભોગોનું કારણ કામના છે અને કામનાનો સર્વથા નાશ થવાથી જ જીવન્મુક્તિ થાય છે. ભોગોની કામના તો સાધકની પણ આરંભમાં જ દૂર થઈ જાય છે. જો કોઈ ગ્રંથમાં એવી વાત આવી હોય કે જીવન્મુક્ત ભોગ ભોગવે તો તેને દોષ નથી લાગતો તો એ વાત તેનો મહિમા બતાવવાને માટે છે, વિધિ નથી. એનું તાત્પર્ય ભોગ ભોગવવામાં નથી. જેમ ગીતામાં જીવન્મુક્તને માટે આવ્યું છે કે 'જેનો અહંકૃતભાવ નથી અને જેની બુદ્ધિ લેપાતી નથી, તે આ સઘળાં

પ્રાણીઓને મારીને પણ નથી મારતો અને નથી બાધતો'* તો આનું તાત્પર્ય એ નથી કે જીવન્મુક્ત મહાત્મા સઘળાં પ્રાણીઓને મારી નાખે છે !'

પ્રશ્ન—ગુરુ બનાવવાથી તેઓ શક્તિપાત કરશે; તેથી ગુરુ બનાવવાનું જરૂરી થયું ?

ઉત્તર—શક્તિપાત કોઈ તમાશો નથી,. હાલમાં શક્તિપાતની વાત જોવાની વાત તો દૂર રહી, વાંચવાને માટે પણ ઘણું કરીને મળતી નથી ! એક સંત હતા. તેમની પાછળ એક માણસ પડ્યો કે "શક્તિપાત કરી દો." તે સંત બોલ્યા કે "શક્તિપાત કોઈ મામૂલી ચીજ નથી; તેને તું સહી શકશે નહિ, મરી જઈશ." તે પાછળ મંડી રહ્યો કે, "મહારાજ ! કોઈ પણ રીતે કરી દો." સંતે શક્તિપાતની થોડી અસર કરી તો તે માણસ ગભરાઈ ગયો અને બૂમબરાડા પાડવા લાગ્યો કે "મારાં સ્ત્રી-પુત્ર, મા-બાપ બધાં મરી ગયાં ! સંસાર બધો મટી ગયો ! હું ક્યા જઈશ ? મને બચાવો !" તાત્પર્ય છે કે શક્તિપાત કરવાવાળો પણ મામૂલી નથી હોતો અને તેને સહેવાવાળો પણ મામૂલી નથી હોતો.

પ્રશ્ન—ચેલો એટલા માટે બનાવે છે કે કોઈ ઇસાઈ યા મુસલમાન ન બને; તેથી ચેલો બનાવવામાં શું દોષ ?

ઉત્તર—આ બિલકુલ ખોટી વાત છે ! જે ઇસાઈ યા મુસલમાન બનવા ચાહે છે, તેઓ ગુરુની પાસે આવશે જ નહિ ! જો ચેલો ન બનાવવાના કારણે કોઈ ઇસાઈ યા મુસલમાન બની જાય તો ગુરુને દોષ નહિ લાગશે. પરંતુ તેને ચેલો બનાવીને તેને બીજી જગાએ જવા દેવામાં રોકી દીધો અને પોતે તેનું કલ્યાણ કરી શક્યો નહિ—એ

* યસ્ય નાહંકૃતો ભાવો બુદ્ધિર્યસ્ય ન લિપ્યતે ।
હત્વાપિ સ ઇમાઁલ્લોકાન્ન હન્તિ ન નિબધ્યતે ॥ (ગીતા ૧૮ । ૧૭)

દોષ તો તેને લાગશે જ. ચેલો બનવાથી તે ભગવાનને શરણે ન થઈને ગુરુને શરણે ગયો, ભગવાન સાથે સંબંધ જોડવાને બદલે ગુરુની સાથે સંબંધ જોડી દીધો—એ ઘણો ભારે દોષ છે.

પ્રશ્ન—'ગુરુ કીજૈ જાન કે, પાની પીજૈ છાન કે' તો ગુરુને જાણવાનો ઉપાય શું છે ? ગુરુની પરીક્ષા કેવી રીતે કરવી ?

ઉત્તર—ગુરુની પરીક્ષા તમે નથી કરી શકતા. જે ગુરુની પરીક્ષા કરી શકે, તે શું ગુરુથી નાનો હશે ? પરીક્ષા કરવાવાળો તો મોટો હોય છે. એવી સ્થિતિમાં તમારે કોઈને ગુરુ ન બનાવીને સત્સંગ-સ્વાધ્યાય કરવો જોઈએ અને તેમાં જે સારી વાતો મળે, તેને ધારણ કરો. જેનો સંગ કરવાથી પરમાત્મપ્રાપ્તિની લગની વધતી હોય, દુર્ગુણ-દુરાચાર આપોઆપ દૂર થાય છે અને સદ્ગુણ-સદાચાર આપમેળે આવતા હોય, ભગવાનની વિશેષ યાદ આવતી હોય, ભગવાન પર શ્રદ્ધા–વિશ્વાસ વધતા હોય, પૂછ્યા વિના જ શંકાનું સમાધાન થઈ જતું હોય અને જે આપણી પાસેથી કાંઈ પણ લેવાની ઇચ્છા ન રાખતા હોય, તેવા સંતોનો સંગ કરો. તેમની સાથે ગુરુ–શિષ્યનો સંબંધ જોડ્યા વિના તેમનાથી લાભ લો. જો ત્યાં કોઈ દોષ દેખાય, કોઈ ગરબડ માલૂમ પડે તો ત્યાંથી ચાલી નીકળો.

વાસ્તવમાં પરીક્ષા ગુરુની નથી થતી, બલકે પોતાની થાય છે, આ વિષયમાં એક વાર્તા છે. એક યુવાવસ્થાના રાજા હતા, તેમણે પોતાના રાજ્યમાં વડીલ–ઘરડા અને સમજુ માણસોને બોલાવ્યા અને તેમને પૂછ્યું કે, "તમે સાચી વાત બતાવો કે મારા દાદાજીનું રાજ્ય બરાબર ચાલ્યું યા મારા પિતાજીનું રાજ્ય બરાબર ચાલ્યું ? કે મારું રાજ્ય બરાબર ચાલ્યું ? તમે ત્રણેયનાં રાજ્ય જોયાં છે; તો કોનું રાજ્ય શ્રેષ્ઠ ચાલ્યું ?" આ સાંભળીને સૌ ચૂપ થઈ ગયા. ત્યારે તેઓમાંથી એક ઘરડો માણસ બોલ્યો કે, "મહારાજ ! અમે તમારી

પ્રજા છીએ, તમે અમારા માલિક છો. તમારી બાબતનો નિર્ણય અમે કેવી રીતે કરીએ ? અમે તમારી પરીક્ષા નથી કરી શકતા, પણ મારી વાત પૂછો તો હું પોતાની વાત જણાવી શકું છું." રાજાએ કહ્યું— "ભલે, તું તારી વાત જણાવ." તે ઘરડો માણસ બોલ્યો કે, "જ્યારે તમારા દાદાજી રાજ્ય કરતા હતા, તે સમયે હું વીસ-પચીસ વર્ષનો યુવાન હતો. હાથમાં લાઠી રાખતો હતો. કુસ્તી કરવી, લાઠી ચલાવવી વગેરે બધું મને આવડતું હતું. એક દિવસ હું ક્યાંય જઈ રહ્યો હતો. જંગલમાં મેં કોઈના રડવાનો અવાજ સાંભળ્યો. અવાજથી ખબર પડી કે કોઈ સ્ત્રી રડી રહી છે; કેમ કે સ્ત્રીનો પંચમ સ્વર હોય છે, ષડ્જ સ્વર નથી હોતો. હું ત્યાં ગયો તો જોયું કે સારાં વસ્ત્રો અને ઘરેણાંથી સજેલી એક સ્ત્રી બેસીને રડી રહી છે. મેં પૂછ્યું કે,'તું કેમ રડી રહી છે ?' તો તે મને જોઈને એકદમ ડરી ગઈ. મેં તેને આશ્વાસન દીધું કે,'દીકરી, તું ડરીશ નહિ, તારી વાત જણાવ.' તેણે જણાવ્યું કે, 'હું મારા સંબંધીઓની સાથે પિયરથી સાસરે જઈ રહી હતી. વચમાં એકાએક ડાકુ આવી ગયા અને તેમના તથા અમારા સાથીઓ વચ્ચે ધીંગાણું મચી ગયું. હું ડરીને જંગલમાં ભાગી ગઈ. હવે મને ખબર નથી કે પછી શું થયું ? હવે હું ક્યાં જાઉં, શું કરું ? મને ખબર નથી કે પિયર ક્યાં છે અને સાસરું ક્યાં છે ?' મેં તેને સાસરાનું ગામ પૂછ્યું તો તેણે ગામનું નામ બતાવ્યું. મેં કહ્યું કે,'તારા સસરાનું ગામ નજદીક જ છે, હું તને પહોંચાડી દઈશ, ડરીશ નહિ.' મેં તેને સસરાનું નામ પૂછ્યું તો તેણે જમીન પર લખીને જણાવી દીધું. મેં કહ્યું કે,'હું તારા સસરાને જાણું છું. હું પહોંચાડી દઈશ.'

રાત્રિનો સમય હતો. મેં તે સ્ત્રીને લઈને તેના સસરાના ઘરે પહોંચ્યો. ત્યાં બધાં ચિંતા કરી રહ્યાં હતાં કે અમે તો ડાકુઓની સાથે લડાઈમાં લાગી ગયા, તેમણે અમારી વહુને મારી નાખી હશે ! તેના

હજારો રૂપિયાના ઘરેણાં હતાં, તેને લૂંટી લીધાં હશે ! હવે તેની જાણ કેવી રીતે થાય ? વગેરે-વગેરે. પોતાની વહુને જોઈને તેઓ ઘણા પ્રસન્ન થયા. પેલી સ્ત્રીએ પણ ઘરની સ્ત્રીઓને કહ્યું કે,' આ પિતાજીની માફક ઘણા સ્નેહપૂર્વક, આદરપૂર્વક મને અહીંયાં લાવ્યાં છે.' તેમણે મને ચારસો-પાંચસો રૂપિયા લેવાને માટે આગ્રહ કર્યો તો મેં કહ્યું કે 'રૂપિયાને માટે મેં કામ નથી કર્યું, કોઈ મજૂરી નથી કરી, મેં તો મારું કર્તવ્ય સમજીને કામ કર્યું છે.' તેમનો ઘણો આગ્રહ હોવા છતાં પણ મેં કાંઈ લીધું નહિ અને ચાલ્યો ગયો. મારા ચિત્તમાં ઘણી પ્રસન્નતા રહી કે આજે મારાથી એક અબલાની સેવા થઈ ગઈ ! આ તે સમયની વાત છે, જ્યારે તમારા દાદાજી રાજ્ય કરતા હતા.

ઘણો સમય વીત્યા પછી મારા વેપારમાં ખોટ આવી ગઈ અને પૈસાની ઘણી તંગી થઈ ગઈ, ત્યારે મારા મનમાં વિચાર આવ્યો કે મેં મોટી ભૂલ કરી કે તે સ્ત્રીને છોડી દીધી ! જો હું તેને એક થપ્પડ લગાવતો તો દશ-પંદર હજારનાં ઘરેણાં મળી જાત. પછી આજે આ તંગી ન ભોગવવી પડત. તેના સસરાએ રૂપિયા દીધા, પણ તે પણ મેં નહિ લીધા. પણ હવે શું થાય ! વાત હાથમાંથી નીકળી ગઈ ! આ તે સમયની વાત છે. જ્યારે તમારા પિતાજીનું રાજ્ય હતું. હવે તો મહારાજ ! તમારી સામે કહેવામાં મને શરમ આવે છે; કેમ કે તમે મારા પૌત્રની માફક છો. પણ તમે પૂછો છો તો કહું છું. હવે મારા મનમાં આવે છે કે પેલી સ્ત્રીને ડરાવી-ધમકાવીને અથવા ફોસલાવીને પોતાની સ્ત્રી બનાવી લેત તો સ્ત્રી પણ આવી જાત અને ઘરેણાં પણ આવી જાત ! આજે આ હાલતમાં બંને મારા કામમાં આવત. મેં મારી વાત કહી દીધી. આપનું રાજ્ય કેવું છે—એ હું કેવી રીતે કહું ? રાજા સમજી ગયો કે આ ઘરડો માણસ ઘણો બુદ્ધિમાન છે ! પોતાની


દશા કહીને બતાવી દીધું કે જેવો રાજા હોય છે, તેવી પ્રજા હોય છે— **'યથા રાજા તથા પ્રજા'.**

તાત્પર્ય છે કે આપણે ગુરુની પરીક્ષા તો નથી કરી શકતા, પણ પોતાની પરીક્ષા કરી શકીએ છીએ કે તેમનો સંગ કરવાથી આપણા ભાવો પર શું અસર પડી ? આચરણો ઉપર શી અસર પડી ? આપણા જીવન ઉપર શી અસર પડી ? આપણા રાગ-દ્વેષ, કામ-ક્રોધ કેટલા ઓછા થયા ?

પ્રશ્ન—ઇતિહાસમાં એવા ઉદાહરણ પણ આવે છે, જેનાથી ગુરુ બનાવવા અનિવાર્ય સિદ્ધ થાય છે?

ઉત્તર—ઇતિહાસના આધાર પર સત્યનો નિર્ણય નથી થઈ શકતો. ઇતિહાસની વાત નક્કર નથી હોતી, પોલી હોય છે. કારણ કે કઈ વ્યક્તિએ પૂર્વના કયા સંબંધથી અને કઈ પરિસ્થિતિમાં શું કર્યું અને કેમ કર્યું—એની પૂરી જાણકારી નથી મળી શકતી—એટલા માટે ઇતિહાસમાં આવેલી સારી બાબતોથી માર્ગદર્શન તો થઈ શકે છે, પણ સત્યનો નિર્ણય શાસ્ત્રના વિધિ-નિષેધથી જ થઈ શકે છે. ઇતિહાસથી વિધિ પ્રબળ છે અને વિધિથી પણ નિષેધ પ્રબળ છે.

ગુરુ સંબંધી વધુ પડતી વાતોનો પ્રચાર તેવા લોકોએ કર્યો છે, જેમને ગુરુ બનવાનો શોખ છે. તેની હાલ કળિયુગમાં વિશેષ સાવધાનીની જરૂરત છે.



સંન્યાસી સાધકો અને કીર્તનકારોને નમ્ર નિવેદન

[આ લેખ ઘણા સમય અગાઉ કલ્યાણના ૯મા વર્ષમાં (સંવત્ ૧૯૯૧, સન ૧૯૩૪માં) પ્રકાશિત થયો હતો. હાલના સમયમાં એની ખાસ ઉપયોગિતા દેખાતા એને અહીં આપવામાં આવી રહ્યો છે.]

શ્રીપરમાત્મદેવ તથા તેમના ભક્તોની કૃપા અને આજ્ઞાથી આજે હું અહીંયાં સંન્યાસી સાધકોનાં આચરણ અને કીર્તનના સંબંધમાં તે ભાવો લખવાની ચેષ્ટા કરું છું, જે મને પ્રિય લાગે છે. જો કે હું પોતાને લખવા તથા આ રીતે ઉપદેશ-આદેશ આપવાને કોઈ રીતે પણ અધિકારી નથી માનતો, અને ન તો મારાથી એવાં આચરણો પૂરી રીતે પળાય છે, તોપણ મને આવા શાસ્ત્રીય તથા સંતોના આદરણીય આચાર-વિચાર કાંઈક પ્રિય લાગે છે, એટલા માટે આવી ચર્ચામાં સમય વિતાવવો મારું અહોભાગ્ય સમજીને કાંઈક પ્રયાસ કરી રહ્યો છું. આશા કરું છું, મારા અન્યાન્ય સાધક ભાઈ પણ આવા વિચાર યદા-કદા પ્રગટ કરશે; કેમ કે એવું કરવાથી મારા જેવા લોકોને તેમના વિચાર વાંચવા મળશે અને તે ભાઈઓનો પણ કાંઈક સમય સત્‌ચર્ચામાં વીતશે. સંત-મહાત્મા તથા શાસ્ત્રોનાં વચનો મુજબ સત્સંગમાં સાંભળેલા અને ગ્રંથોમાં વાંચેલા જે કાંઈ વિચાર હું અહીંયાં

લખું છું. તેમાં જો કોઈ બાબત અનુચિત હોય તો જાણકાર મહાનુભાવ પોતાનો જ બાળક સમજીને મને ક્ષમા કરવાની કૃપા કરશે.

સાધકે હર્ષ, શોક, કામ, ક્રોધ વગેરેથી અલગ રહેવાની પૂરી કોશિશ કરવી જોઈએ. ઓછામાં ઓછું એને વશીભૂત તો કદી નહિ થવું જોઈએ. એમાં પણ મારા જેવાઓએ તો રાગ-દ્વેષરૂપી કામિની અને કાંચનથી એવી રીતે ડરવું જોઈએ, જેમ સામાન્ય લોકો ભૂત-પ્રેત, સાપ, વાઘ વગેરેથી ડરે છે અને એ માનવું જોઈએ કે જે ક્ષણે કામિની-કંચનમાં સંન્યાસી સાધકની આસક્તિ થઈ કે બસ તે ક્ષણે તેનું પતન થઈ ગયું.

એ કદી નહિ માનવું જોઈએ કે રાગ-દ્વેષ, કામ-ક્રોધ વગેરે અંતઃકરણના ધર્મ છે. આ ધર્મ નથી, વિકાર છે. જેઓ આને અંતઃકરણના ધર્મ માની લે છે તે શરીર-મરણ પામે ત્યાં સુધી અંતઃકરણ રહેવાને કારણે એને પણ રહેવાનું અનિવાર્ય માને છે; પરિણામે તે પોતાને જ્ઞાની માનીને પણ એવું સમજી લે છે કે રાગ-દ્વેષ, કામ-ક્રોધાદિ તો જ્યાં સુધી અંતઃકરણ છે ત્યાં સુધી રહેશે જ, મારો એની સાથે શું સંબંધ છે ? વાસ્તવમાં આવું સમજવું ભ્રમ જ છે. જે એવું સમજે છે અને રાગ-દ્વેષ, કામ-ક્રોધ વગેરેથી બચવાની કોશિશ નથી કરતો, તે જ્ઞાની તો દૂર રહ્યો, સારો સાધક પણ નથી.

એ નિશ્ચિત માની રાખવું જોઈએ કે સાચા જ્ઞાનીમાં ખરેખર કામ-ક્રોધ વગેરે દોષ રહેતા જ નથી. જેને ઘણું સારું બોલતાં આવડે છે, જે શાસ્ત્રનાં વાક્યો દ્વારા બ્રહ્મનું સુંદર નિરૂપણ કરી શકે છે અથવા જે જ્ઞાન પર સારા સારા તર્કપ્રધાન નિબંધ લખી શકે છે, તે જ્ઞાની જ છે, એવું નહિ માનવું જોઈએ. આ બધી બાબતો તો ગ્રંથો વાંચવાથી થઈ શકે છે. નાટકમાં પણ શુકદેવજીનું પાત્ર ભજવી શકાય

છે. જ્ઞાની તો તે છે જે અજ્ઞાનનો સમુદ્ર બધી રીતે પાર કરી ગયો. રાગ-દ્વેષ, કામ-ક્રોધાદિ અજ્ઞાનમાં જ છે. જ્ઞાનમાં તો બિલકુલ પણ નથી.

જે લોકો ખરેખરી બ્રાહ્મી સ્થિતિ સુધી પહોચ્યા પહેલાં જ માત્ર પુસ્તકિયા જ્ઞાનના આધારે પોતાને જ્ઞાની માની બેસે છે અને વિધિ-નિષેધથી મુક્ત સમજીને સાધન છોડી દે છે, તેઓ ઘણું કરીને પતન જ પામી જાય છે. કેમ કે જ્યાં સુધી અજ્ઞાન છે, ત્યાં સુધી ઇન્દ્રિયોના ભોગોમાં આસક્તિ છે જ અને પાપ થવામાં મુખ્ય કારણ ભોગોની આસક્તિ જ છે. પછી જ્યાં કામ-ક્રોધાદિ જ અંતઃકરણના અનિવાર્ય ધર્મ માની લેવામાં આવે, ત્યાં તો કહેવું જ શું ? એટલા માટે મારા જેવા સાધકોએ તો ખૂબ જ સાવધાનીની સાથે દુર્ગુણોથી બચતા રહેવાનું પૂરું ધ્યાન રાખવું જોઈએ. પોતાને રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ વગેરે દોષોથી હરદમ બચાવતા રહેવું જોઈએ. સંન્યાસાશ્રમમાં તો સાધકે કદી ભૂલથી પણ સ્ત્રી અને ધનની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ નહિ જોડવો જોઈએ. એમનો સંગ જ ન કરવો જોઈએ. જે સિદ્ધ મહાપુરુષ છે, તેમનામાં તો કોઈ એવા દોષ રહી જ શકતા નથી.

એ યાદ રાખવું જોઈએ કે ઢોંગી જ્ઞાનીના કરતાં અજ્ઞાની રહેવું સારું છે; તેને પાપોનો ડર તો રહે છે. ઢોંગી તો જાણી જોઈને ઢોંગને ઢાંકવાને માટે પણ પાપ કરે છે. એટલા માટે ઢોંગની કલ્પના પણ ન કરવી જોઈએ; સાચો સંન્યાસી બનવું જોઈએ. અને—

યાવદાયુસ્ત્વયા વન્દ્યો વેદાન્તો ગુરુરીશ્વરઃ ।
મનસા કર્મણા વાચા શ્રુતેરેવૈષ નિશ્ચયઃ ।।

(તત્ત્વોપદેશ ૮૬)

—આચાર્યચરણોની આ ઉક્તિ મુજબ શાસ્ત્રની વિધિને સદા માનતા રહેવું જોઈએ. સંન્યાસીએ પાલન કરવા યોગ્ય કેટલાક ધર્મ આ બધા છે—ગૃહસ્થનો સંગ ન કરવો, સ્ત્રીનું તો ચિત્ર પણ ન જોવું. ધનનો સ્પર્શ ન કરવો. કોઈ સાથે કોઈ સંબંધ ન જોડવો. કોઈ પણ બાબતમાં મમત્વ ન કરવું, માન-મોટાઈનો સ્વીકાર ન કરવો. વૈરાગ્યને ઘણી સાવધાનીથી જાળવવો. ઇન્દ્રિયોને સંયમમાં રાખવી, વસ્તુઓનો સંગ્રહ ન કરવો. જમાત ન બનાવવી. ઘર ન બાંધવું. નકામું ન બોલવું. બ્રહ્મચર્ય ધારણ કરવું. કામ-ક્રોધ-લોભ વગેરેથી સદા મુક્ત રહેવું. કોઈ સાથે દ્વેષ ન કરવો. કોઈમાં રાગ ન રાખવો. નિત્ય આત્મચિંતન યા ભગવત્સ્મરણમાં જ મંડ્યા રહેવું.

જે સંન્યાસી પોતાના આ સંન્યાસી-ધર્મનું પાલન નથી કરતો તે ઘણું કરીને પતન પામે છે. એટલા માટે પોતાના આશ્રમધર્મનું પૂરું પાલન કરવું જોઈએ. વિધિ-નિષેધથી પર થયેલા મહાપુરુષોના દ્વારા પણ લોકસંગ્રહને માટે આદર્શ શુભ કર્મો જ થયાં કરે છે.

જો ભક્ત બનવાની ઇચ્છા હોય તો ભગવાનને શરણે થઈને ભગવાનનું સતત ભજન કરતાં રહેવું જોઈએ. ધન, માન, મોટાઈ વગેરેની ઇચ્છાને મનમાં ન આવવા દેવી જોઈએ. લોકો ભક્ત માને કે કહે, એ વાતની પરવા જ ન રાખવી જોઈએ. ભગવાનનું નામ અને ગુણકીર્તન પ્રેમથી કરતાં રહેવું જોઈએ. બને ત્યાં સુધી પોતાની ભક્તિને પ્રગટ નહિ થવા દેવી જોઈએ. લોકો આપણી પૂજા કરે, આપણું સન્માન કરે, એવો અવસર જ નહિ આવવા દેવો જોઈએ. માન-મોટાઈથી સદા સાવધાનીથી બચતા રહેવું જોઈએ. સ્ત્રીનો અને સ્ત્રીસંગીઓનો સંગ તો કદી નહિ કરવો જોઈએ. ધનનો લોભ મનમાં ન આવવા દેવો જોઈએ. પ્રતિષ્ઠાને તો ભૂંડની વિષ્ઠા જ માનવી જોઈએ.

કીર્તન કરવું જોઈએ, ખૂબ કીર્તન કરવું જોઈએ; પરંતુ કરવું જોઈએ પ્રભુપ્રીત્યર્થે, લોકરંજન માટે નહિ. લોકરંજન કીર્તન બાહ્ય થઈ જશે. કીર્તન કરવાવાળાના મનમાં એ દૃઢ ભાવ નિશ્ચયરૂપે હોવો જોઈએ કે મારા ભગવાન નક્કી જ અહીંયાં મોજૂદ છે અને હું તેમની સામે તેમની પ્રીત્યર્થે તેમના નામ-ગુણ ગાઈ રહ્યો છું. ભગવાનના નામ-ગુણોના અર્થનું ચિંતન કરતા રહીને—ભગવાનનું ધ્યાન કરતા રહીને કીર્તનમાં મસ્ત થવું જોઈએ. જો એવો ભાવ ન હોય તો એવી રીતે અભ્યાસ જ કરવો જોઈએ. પરંતુ એવું કદી નહિ વિચારવું જોઈએ કે મારા આ કીર્તનથી લોકોને—જોવા-સાંભળવાવાળાઓને પ્રસન્નતા થઈ કે નહિ, તેમનું મન મારી તરફ આકર્ષિત થયું કે નહિ. ભગવાનના નામમાં શ્રદ્ધા કરો, પ્રેમ કરો અને શ્રદ્ધા તથા પ્રેમમાં તરબોળ થઈને જ ભગવાનના નામનું ઉચ્ચારણ કરો. પછી તમારા મોંમાંથી નીકળેલું એક જ નામ ચમત્કાર પેદા કરી દેશે. શ્રીચૈતન્ય મહાપ્રભુના મુખથી નીકળેલું એક જ નામ સાંભળવાવાળાઓને પાગલ કરી દેતું હતું; કેમ કે પેલા નામની સાથે શ્રીચૈતન્યની પ્રેમશક્તિ ભરેલી રહેતી હતી.

એક બાબત હજુ યાદ રાખવી જોઈએ. ભગવાનનું કીર્તન કરવાવાળાઓએ સદાચારી હોવું જ જોઈએ, દૈવી સંપત્તિવાન બનવું જ જોઈએ. જે ભગવાનનું નામ લઈને નાચ-ગાન કરે છે, પરંતુ જેના આચરણ શુદ્ધ નથી, તેનાથી સામાન્ય જન પર સારી અસર નથી પડતી. લોકો તેને આદર્શ માનીને આચરણોની તરફ ધ્યાન નથી દેતા, જેથી બીજા લોકોને કીર્તન તથા કીર્તન કરવાવાળાઓ પર, ત્યાં સુધી કે તેમના કીર્તનીય ભગવાન પર પણ આક્ષેપ કરવાનો અવસર મળી જાય છે. એટલા માટે આપણે પોતાની જવાબદારી સમજવી જોઈએ. ક્યાંય આપણા આચરણથી પવિત્ર સંકીર્તન અને આપણા ભગવાન પર કોઈ કલંક ન લાગવા પામે. ખરેખર તો પવિત્ર સંકીર્તન

અને ભગવાન પર તો કલંક લાગી જ નથી શકતું; છતાં કહેવાને માટે પણ આપણા દોષથી એવું કેમ થવું જોઈએ ?

આચરણ શુદ્ધ નથી તોપણ કીર્તન કરવું જોઈએ. પરંતુ એકાંતમાં આચરણોની શુદ્ધિને માટે ભગવાનની સામે રડવું જોઈએ. ભગવાન પાસે ભીખ માગવી જોઈએ. પરંતુ સાવધાન ! સંકીર્તનના નામ પર દુરાચારને કદી છુપાવવા જોઈએ નહિ. દુરાચારનો બચાવ, તો કોઈ પણ હાલતમાં નહિ કરવો જોઈએ.

સંકીર્તનના નામ પર વર્ણ અને આશ્રમનાં કર્મોની અવહેલના યા ઉપેક્ષા કદી નહિ કરવી જોઈએ. સ્વધર્મને પાળતા રહીને જ કીર્તન કરવું જોઈએ. જ્ઞાનની, વૈરાગ્યની, સદાચારની, વર્ણાશ્રમધર્મની અને સંધ્યા-ગાયત્રીની સંકીર્તનના નામ પર કદી નિંદા નહિ કરવી જોઈએ; બલકે એમનું પાલન જરૂરી ગણવું જોઈએ. એમનો બધાનો આદર કરવો જોઈએ અને યથાયોગ્ય શાસ્ત્રના વિધાન મુજબ પાલન કરવું જોઈએ.

સંકીર્તનના નામ પર પક્ષપાત યા ભગવાનનાં નામોમાં ઊંચ-નીચ-બુદ્ધિ અને જૂથબંધી નહિ કરવી જોઈએ. સંકીર્તનનું સંગઠન જરૂર કરવું જોઈએ, પરંતુ જૂથબંધી નહિ. સરળ, પવિત્ર, નિષ્કપટ, નિષ્કામ, અનન્ય પ્રેમભાવથી ભગવાનનાં પવિત્ર નામોને જાતે ગાવાં જોઈએ અને બીજાઓને એવું કરવાને માટે પ્રેરણા કરવી જોઈએ. પરંતુ યથાસાધ્ય ઉપદેશક, નેતા અથવા આચાર્ય નહિ બનવું જોઈએ. પૂજા, સત્કાર, માન, મોટાઈ વગેરેથી સદા પોતાને બચાવતા રહેવું જોઈએ. ધન અને સ્ત્રીની લાલચમાં તો કદી પડવું જ નહિ જોઈએ.

સંકીર્તનના સમયે મુક્ત કંઠે ભગવાનના નામનો જય-જયકાર કરવો જોઈએ. જ્ઞાન, વિદ્વત્તા, પદ, ધન વગેરેના અભિમાનમાં ચૂપ નહિ બેસી રહેવું જોઈએ. ઊભા રહીને કીર્તન થતું હોય તો સંકોચ છોડીને ઊભું થઈ જવું જોઈએ. ક્યાંય આપણા કોઈ આચરણથી ભગવાન્નામસંકીર્તનનું અપમાન ન થઈ જાય. પરંતુ નાચવું જોઈએ. પ્રેમવશ થઈ જવાથી જ, લોકોને દેખાડવા માટે નહિ. કલાનું નૃત્ય બીજી ચીજ છે તેમજ પ્રેમમય ભગવન્નામકીર્તનની બીજી.

યાદ રાખવું જોઈએ, ભગવન્નામકીર્તન ખૂબ જ આદરણીય અને ઊંચું સાધન છે. એનું ઊંચામાં ઊંચી ભાવનાથી સાધન કરવું જોઈએ; ઊંચાંમાં ઊંચાં આચરણોથી યુક્ત થઈને કીર્તન કરવું જોઈએ. પવિત્ર પુરુષો દ્વારા કરેલા ભગવાન્નામકીર્તનનો ધ્વનિ જ્યાં સુધી પહોંચશે ત્યાં સુધી સઘળા જીવોનિં અનાયાસ જ કલ્યાણ થઈ શકે છે.

–સ્વામી રામસુખદાસ

